# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 26-10-2026 I VOL : 12 I Issue : 221 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


સુવિચાર

વિશ્વાસ રાખો, શરૂઆત નાની હોય તો પણ અંત મોટો હોઈ શકે છે.


3  અબજોનો પ્રોજેક્ટ અને વેરાન કોરિડોર: સુરત ડાયમંડ બુર્સમાં 4 વર્ષ પછી પણ...

4  ગ્લોબલ હંગર ઇન્ડેક્સ 2026નો ચોંકાવનારો રિપોર્ટ: વિશ્વના 122...

6  વામિકા ગબ્બીને લીડ રોલ મેળવવા પાપડ વણવા પડ્યાં

7  ટીમ ઈન્ડિયાએ T20માં રચ્યો ઈતિહાસ, પાક.-ઓસ્ટ્રેલિયા ઘણા પાછળ


## એક નજર...

### કિયારા અડવાણીનો તહેવાર લૂક સોશિયલ મીડિયામાં વાયરલ



દિવાળીનો તહેવાર આવતા જ દરેક વ્યક્તિ પોતાના આઉટફિટ્સને લઈને તૈયારીઓ શરૂ કરી દે છે. જો તમે પણ આ દિવાળી પાર્ટીમાં સૌથી સુંદર દેખાવા માંગો છો, તો કિયારા અડવાણીના ગોલ્ડન બ્રાઉન શિમરી સાડી લુકમાંથી પ્રેરણા લઈ શકો છો. કિયારાનો આ લુક ખૂબ જ સુંદર અને ભવ્ય લાગી રહ્યો છે. જો તમે આ દિવાળીએ હેવી આઉટફિટ્સને બદલે કિયારાનો લૂક ટ્રાય કરો.

## NEWS TRACK

### ફ્રાન્સમાં રણમેદાન જેવી સ્થિતિ:રસ્તા પર ઉતર્યા 8 લાખ લોકો; પથ્થરમારો, આગચંપી

ફ્રાન્સમાં મોંઘવારી, સ્કૂલોની ખરાબ સ્થિતિ અને પોલીસની કડક કાર્યવાહી સામે શનિવારે લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પેરિસ સહિત અનેક શહેરોમાં પ્રદર્શનકારીઓએ સરકાર વિરુદ્ધ નારેબાજી કરી હતી. પેરિસમાં માર્ચના અંતે પોલીસે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો અને ટિયર ગેસના શેલ છોડ્યા હતા. ગૃહ મંત્રાલય અનુસાર, દેશભરમાં લગભગ 1,000 લોકોની ધરપકડ કરવામાં આવી છે. સરકારી આંકડાઓ અનુસાર, પ્રદર્શનોમાં આશરે 4 લાખ લોકો સામેલ થયા હતા. બીજી તરફ, ટ્રેડ યુનિયનોએ 8 લાખ લોકો સામેલ થયાનો દાવો કર્યો. સરકારી અંદાજ મુજબ, પેરિસમાં આશરે 1.10 લાખ લોકોએ માર્ચ કરી હતી. પ્રદર્શનકારીઓએ મોંઘવારી, સરકારની પોલીસ વ્યવસ્થા અને સ્કૂલોની ખરાબ સ્થિતિ સામે અવાજ ઉઠાવ્યો. તેમના હાથમાં એવા બેનરો હતાં, જેના પર લખેલું હતું–'દમનથી બળવો જન્મે છે' અને 'પ્રદર્શન કરવું અમારો અધિકાર છે'.

### અમેરિકામાં મંદિરોની સુરક્ષા પર ₹100 કરોડ ખર્ચાશે: 500 મંદિરોમાં દેખરેખ વધારાશે

અમેરિકામાં દિવાળી પહેલાં હિન્દુ મંદિરોની સુરક્ષા વધારવાની તૈયારી કરવામાં આવી છે. આ માટે આશરે 100 કરોડ રૂપિયાનું ફંડ બનાવવામાં આવ્યું છે. આ નિર્ણય ઈલિનોઈસના એક મંદિર પર હુમલાનું કાવતરું બહાર આવ્યા બાદ લેવામાં આવ્યો છે. આ અંતર્ગત અમેરિકાના આશરે 500 મંદિરો અને ધાર્મિક સંસ્થાઓની સુરક્ષા વધારવામાં આવશે. મંદિરોમાં સીસીટીવી કેમેરા, દેખરેખ માટેના એલાર્મ અને પ્રશિક્ષિત સુરક્ષાકર્મીઓને તૈનાત કરવાની તૈયારી છે. સાથે જ, કોઈપણ ઈમરજન્સીની પરિસ્થિતિનો સામનો કરવા માટે સ્થાનિક પોલીસ સાથે મળીને યોજના બનાવવામાં આવશે. અમેરિકાના ઈલિનોઈસમાં 19 વર્ષના અલેક્ઝાન્ડ્રોસ પાપોરાકિસે નવરાત્રિ દરમિયાન હિન્દુ મંદિર પર હુમલાનું કાવતરું રચ્યું હતું. પોલીસે તેની ધરપકડ કરી હતી. તેના પર 11 ઓક્ટોબરે ભારતીય મૂળના લોકોની સામૂહિક હત્યાનો પ્લાન બનાવવાનો આરોપ હતો. પાપોરાકિસ પોતાના ઘરેથી લગભગ 65 કિમી કાર ચલાવીને ઓરોરા ખાતે શ્રી વેંકટેશ્વર સ્વામી (બાલાજી) મંદિરે પહોંચ્યો હતો.

### ખડગે પટનામાં બિહારના પહેલા મુખ્યમંત્રી ડૉ. શ્રીકૃષ્ણ સિંહની 139મી જયંતિ સમારોહમાં હાજર રહ્યા

# મોદી શું, મોદીનો બાપ પણ જશે: મલ્લિકાર્જુન ખડગે

## ભાજપે X પર ખડગેનો વીડિયો શેર કરીને લખ્યું- જે ભાષાને ક્યારેક ગુંડા-મવાલીઓ સાથે જોડવામાં આવતી હતી, આજે કોંગ્રેસ અધ્યક્ષ એ જ ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે

ન્યૂયોર્ક

બિહારના પટનામાં રવિવારે કોંગ્રેસના કાર્યક્રમમાં હોબાળો થયો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે બાપુ સભાગારમાં મોદી સરકાર અને તેમની નીતિઓ પર બોલી રહ્યા હતા. ત્યારે એક શખ્સ ઊભો થઈને બોલ્યો કે મોદીજી જવાના નથી. જ્યાં સુધી દેશમાં વિદ્રોહ નહીં થાય, મોદી સરકાર નહીં હટે. આના પર ખડગે ગુસ્સે થઈને બોલ્યા- મોદી શું તેનો બાપ પણ જશે. આ વાત તેમણે 3 વાર દોહરાવી. ત્યારબાદ ત્યાં હાજર લોકોએ તે શખ્સની સાથે મારપીટ શરૂ કરી દીધી, જેણે કહ્યું હતું- મોદી જવાના નથી. મલ્લિકાર્જુન ખડગે પટનામાં બિહારના પહેલા મુખ્યમંત્રી ડૉ. શ્રીકૃષ્ણ સિંહની 139મી જયંતિ સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. ભાજપે કહ્યું- તેમની કાર્યશૈલી માફિયાઓ જેવી



ભાજપે X પર ખડગેનો વીડિયો શેર કરીને લખ્યું- જે ભાષાને ક્યારેક ગુંડા-મવાલીઓ સાથે જોડવામાં આવતી હતી, આજે કોંગ્રેસ અધ્યક્ષ એ જ ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. આ રાજકીય પાર્ટી નહીં, પરંતુ એક માફિયા ગેંગ જેવી લાગે છે. બિહારના દરભંગામાં 27 ઑગસ્ટ 2025ના રોજ રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા દરમિયાન PM મોદીની માતાને ગાળો આપવામાં આવી હતી. તેના વિરોધમાં બિહાર બંધ રાખ્યું હતું અને પ્રદર્શનો પણ કરવામાં આવ્યા હતા. પટનામાં BJP અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઝઘડો પણ થયો હતો. ઘણી ગાડીઓમાં પણ તોડફોડ કરવામાં આવી હતી.

ખડગેએ કહ્યું કે નીતિશ કુમાર સોશિઅલિસ્ટ વિચારધારાને લઈને આગળ વધ્યા, પરંતુ હવે BJP-RSSના ખોળામાં જઈને બેસી ગયા છે. જ્યારે માણસ પાસે કમજોરી આવે છે, ત્યારે આઈડિયોલોજી પરથી વિશ્વાસ ઉઠી જાય છે. અમને તો બધાએ માર્યા, છતાં અમે અને મારા લીડર રાહુલ ગાંધી જીવીત છીએ અને લડી રહ્યા છીએ. લોકો માટે મરી રહ્યા છીએ. જ્યાં સુધી આ દેશમાં RSSની આઈડિયોલોજી ખતમ નહીં થાય, ત્યાં સુધી આ દેશમાં શાંતિ નહીં આવે. શાંતિ ભંગ કરનારા આ જ લોકો છે. આજે પણ અસ્પૃશ્યતા ફેલાવનારા લોકો RSSમાં ભરેલા છે.

### એસઆરઆર (SIR) પ્રક્રિયામાં મતદારોના ડેટા સાથે ચેડાં કોના ઈશારે?

# ચૂંટણી પંચે RTIમાં માહિતી આપવાનો સાફ ઈનકાર કરી દીધો, રહસ્યો પર પડદો કેમ?

નવી દિલ્હી

દેશભરમાં લોકશાહીના પાયા સમાન મતદાર યાદીને લઈને અત્યારે એક પછી એક ચોંકાવનારા ધડાકા થઈ રહ્યા છે. ખાસ કરીને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ની પ્રક્રિયા હેઠળ લાખો-કરોડો મતદારોના નામ કપાવાના વિવાદ વચ્ચે હવે સૌથી મોટો સવાલ એ ઉભો થયો છે કે આ આખી પ્રક્રિયામાં આખરે કયા સોફ્ટવેર અથવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટૂલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો? પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જ્યારે નાગરિકોએ રાઈટ ટુ ઈન્ફર્મેશન (RTI) હેઠળ આ અંગેનો ખુલાસો માંગ્યો, ત્યારે ચૂંટણી પંચે ગોળ-ગોળ જવાબો આપીને માહિતી આપવાનો સદંતર ઈનકાર કરી દીધો છે. આરટીઆઈમાં કયા સવાલો પૂછવામાં આવ્યા હતા? તેલંગાણાના કરીમનગરના સામાજિક કાર્યકર એમ. એ. મુજીબ અય્યૂબે ચૂંટણી પંચ સમક્ષ RTI અરજી દાખલ કરીને




અત્યંત સળગતા સવાલો પૂછ્યા હતા: વોટર ડેટા અને મતદાર યાદીની ખામીઓ શોધવા માટે કયા ચોક્કસ AI પ્લેટફોર્મ કે સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો છે? શું આ ઓટોમેટેડ સિસ્ટમ પોતાની મેળે જ મતદારોના નામ ફ્લેગ (શંકાસ્પદ તરીકે ચિહ્નિત) કરે છે? જો આ ટેક્નોલોજીનો ઉપયોગ થતો હોય, તો કોઈ પણ અસલી કે વૈધ મતદારનું નામ ભૂલથી કે ખોટી રીતે ન કપાઈ જાય તે માટે પંચ પાસે કઈ સુરક્ષા વ્યવસ્થા કે સેફગાર્ડ છે?

ચૂંટણી પંચનું વિચિત્ર બહાનું: 'વ્યાપારી ગોપનીયતા અને ટ્રેડ સીક્રેટ' લોકશાહીમાં પારદર્શિતાના દાવા કરતી ચૂંટણી પંચ જેવી સર્વોચ્ચ સંસ્થાએ આ સવાલોના જવાબ આપવાને બદલે RTI કાયદાની કલમ 8(1)(d) નો આશરો લીધો છે. પંચે દલીલ કરી છે કે સોફ્ટવેર અને ટેક્નોલોજીની વિગતો 'કોમર્શિયલ કોન્ફિડન્સ (વ્યાપારી ગોપનીયતા), ટ્રેડ સીક્રેટ (વેપારી રહસ્ય) અને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી' સાથે જોડાયેલી છે, તેથી તે જાહેર કરી શકાય નહીં. એક તરફ પંચ એવો દાવો કરે છે કે એસઆરઆર (SIR) માટે કોઈ નવો સોફ્ટવેર ખરીદવામાં આવ્યો નથી, તો બીજી તરફ સોફ્ટવેરનું નામ, તેનું વર્ઝન કે તેમાં AI ની ભૂમિકા વિશે કશુંય સ્પષ્ટ કરવા તૈયાર નથી. પંચે માત્ર એટલું રટણ કર્યું છે કે નામ ઉમેરવા કે હટાવવાનો અંતિમ કાનૂની અધિકાર સંબંધિત વિસ્તારના ઈલેક્ટરોલ રજીસ્ટ્રેશન ઓફિસર (ERO) નો જ છે.

# સુપ્રીમ કોર્ટનો મોટો અને ઐતિહાસિક ચુકાદો

## ચૂંટણીમાં ઉમેદવાર ખોટું સોગંદનામું (Affidavit) આપશે તો હવે સામાન્ય નાગરિક પણ સીધી ક્રિમિનલ ફરિયાદ નોંધાવી શકશે, ચૂંટણી પંચની મંજૂરીની જરૂર નથી

નવી દિલ્હી

ચૂંટણી લડતા નેતાઓ અને ઉમેદવારો માટે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક આદેશ જાહેર કર્યો છે. ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરતી વખતે પોતાની મિલકત, ગુનાહિત ઈતિહાસ કે શિક્ષણ અંગે ખોટી માહિતી આપવા અથવા મહત્ત્વની વિગતો છુપાવવા બદલ હવે સામાન્ય નાગરિક કે મતદાર પણ સંબંધિત ઉમેદવાર સામે સીધી ફોજદારી (ક્રિમિનલ) ફરિયાદ નોંધાવી શકશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ (Representation of the People Act) ની કલમ 125A હેઠળ કાર્યવાહી કરવા માટે ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી કે ચૂંટણી પંચ દ્વારા જ ફરિયાદ દાખલ કરવી જરૂરી નથી. કર્ણાટક હાઈકોર્ટનો નિર્ણય રદ કરતી સર્વોચ્ચ અદાલત જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ શીલ નાગુની બેન્ચે આ ઐતિહાસિક ચુકાદો આપતાં કર્ણાટક હાઈકોર્ટના અગાઉના નિર્ણયને ફગાવી દીધો છે. અગાઉ કર્ણાટક હાઈકોર્ટે એવો અભિગમ અપનાવ્યો હતો કે મતદાર ઉમેદવાર સામે માત્ર ચૂંટણી અરજી (Election Petition) દાખલ કરી શકે છે, પરંતુ ખાનગી વ્યક્તિ તરીકે ફોજદારી ફરિયાદ નોંધાવી શકે નહીં અને આવી કાર્યવાહીનો અધિકાર માત્ર ચૂંટણી પંચ પાસે જ છે. સુપ્રીમ કોર્ટે આ અભિગમને ખોટો ગણાવીને રદ કર્યો છે અને સામાન્ય નાગરિકોને કાયદાકીય શસ્ત્ર આપ્યું છે.

# બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાતી વાવાઝોડું

## 28 ઓક્ટોબરે આંધ્રના કિનારે ટકરાશે, તમિલનાડુ-પુડુચેરીમાં ભારે વરસાદ

પુડુચેરી

બંગાળની ખાડીમાં બનેલું લો પ્રેશર એરિયા રવિવારે ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ ગયું છે. તેને અર્નબ નામ આપવામાં આવ્યું છે. તેની અસરથી ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડું 28 ઓક્ટોબરે આંધ્ર પ્રદેશના કિનારે ટકરાઈ શકે છે. આ દરમિયાન પવનની ઝડપ 115થી 125 કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. આંધ્ર પ્રદેશમાં 26થી 29 ઓક્ટોબર સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઓડિશાના ગંજામ, ગજપતિ, રાયગઢા, કોરાપુટ અને મલકાનગિરી જિલ્લામાં 28 અને 29 ઓક્ટોબરે તમામ સ્કૂલો-કૉલેજો અને આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. પુડુચેરીમાં શનિવાર રાતથી સતત વરસાદ થઈ રહ્યો છે. બીજી તરફ, તમિલનાડુમાં ભારે વરસાદ વચ્ચે ઈરોડ જિલ્લામાં રવિવારે કોડિવેરી ડેમ પર સતત બીજા દિવસે પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ રહ્યો હતો.

# વોટ ચોરી સહન નહીં કરીએ: રાહુલ ગાંધી

## કોંગ્રેસનો દાવો- 1 નવેમ્બરની રેલીમાં 10 લાખ લોકો આવશે; વેપારીઓએ તેને ટાળવાની અપીલ કરી હતી

નવી દિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે X પર પોસ્ટ કરીને કહ્યું કે અમારા વોટ ચોરવામાં આવી રહ્યા છે અને અમે કોઈપણ સંજોગોમાં તેને સહન નહીં કરીએ. તેમણે લખ્યું- સવાલ પૂછનારાઓ પર લાકડીઓ ફટકારવામાં આવી છે. 1 નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં યોજનારી વિપક્ષની રેલીમાં વિદ્યાર્થીઓ, ખેડૂતો, મજૂરો, મહિલાઓ, યુવાનો અને વેપારીઓએ આવવું જોઈએ. હરિયાણા કોંગ્રેસના પ્રભારી સંજય દત્ત અને પ્રદેશ અધ્યક્ષ રાવ નરેન્દ્ર સિંહે શનિવારે દાવો કર્યો કે પાર્ટીની રેલીમાં 10 લાખથી વધુ



લોકો સામેલ થશે. બીજી તરફ, ચેમ્બર ઑફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI)એ શનિવારે રાહુલને INDIA બ્લોકની રેલી ટાળવાની અપીલ કરી છે. સંગઠને દિવાળીના તહેવારોની સિઝનમાં 10 હજાર કરોડ રૂપિયાના વેપારી નુકસાનની ચેતવણી આપી છે. રાહુલે કહ્યું કે BJP અને તેમના સાથીઓનો દિલથી આભાર, જેઓ આ કાર્યક્રમનો આટલા ઉત્સાહથી પ્રચાર કરી રહ્યા છે અને તેને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી રહ્યા છે. ગઈ દિવાળીની સિઝનમાં આશરે 75,000 કરોડનું વેચાણ થયું રામલીલા મેદાનના 5 કિમીના દાયરામાં ચાંદની ચોક અને કનોટ પ્લેસ સહિત 8 મોટા બજારો છે. વેપારી સંગઠન CAIT મુજબ, 2025માં આ બજારોમાં દિવાળી દરમિયાન તહેવારી વેચાણ 75,000 કરોડ સુધી પહોંચી ગયું હતું.

### કાશીમાં PM મોદીએ એર શો જોયો

વારાણસી

પીએમ મોદીએ આજે વારાણસીના નમો ઘાટ પર એર શો જોયો. આ શોમાં 100 વિમાનોએ ભાગ લીધો. તેમાં રાફેલ અને સુખોઈ જેવા 52 ફાઈટર પ્લેન પણ સામેલ હતા. આ એર શો ભારતીય વાયુસેનાના 94મા સ્થાપના દિવસ પર આયોજિત કરવામાં આવ્યો હતો. તેનું નામ 'વિંગ્સ ઓવર ગંગા' રાખવામાં આવ્યું હતું. પીએમ મોદી સાથે શો જોવા માટે રક્ષામંત્રી રાજનાથ સિંહ અને સીએમ યોગી પણ હાજર હતા. પીએમ મોદીએ આ પહેલાં રૂપાપુરમાં 100 કરોડ રૂપિયાની અરવિંદ ટેક્સટાઈલ મિલનું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ પોલીસ લાઈનથી 7 કિમી લાંબો રોડ શો કરીને નમો ઘાટ પહોંચ્યા હતા. C-17 ગ્લોબમાસ્ટર અને નવ સૂર્યકિરણ હૉક વિમાનો એકસાથે ઉડાન ભરતાં મંચની ઉપરથી પસાર થયા.

# વાંગચુકે કહ્યું- વિરોધ-પ્રદર્શન બાદ સરકારો વધુ સારું કામ કરે છે

## આક્રોશ વ્યક્ત કરવા માટે જગ્યા ન મળે તો સ્થિતિ નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવી બની શકે છે

નવી દિલ્હી

સોનમ વાંગચુકે કહ્યું કે, વિરોધ-પ્રદર્શન સરકારોને વધુ સારી રીતે કામ કરવા માટેનું એક મોટું માધ્યમ છે. શાંતિપૂર્ણ રીતે રોષ વ્યક્ત કરવાની જગ્યા ન મળે તો નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. મુંબઈમાં શનિવારે આઈપીએફ ફેસ્ટિવલમાં પહોંચેલા વાંગચુકે ભારતમાં સંસદથી દૂર વિરોધ-પ્રદર્શન કરાવવા અંગે સવાલ ઉઠાવ્યો. સાથે જ તેમણે કહ્યું કે, વિશ્વના ઘણા દેશોમાં સંસદની તદ્દન સામે વિરોધ-પ્રદર્શન કરવાની મંજૂરી હોય છે. વાંગચુકે કહ્યું કે, શાંતિપૂર્ણ વિરોધ-પ્રદર્શન



બંધારણથી મળેલો નાગરિકોનો અધિકાર છે. તેમણે પ્રદર્શનકારીઓની ધરપકડ અંગે કહ્યું, "સંદેશ લાવનારને મારશો નહીં, સંદેશને સમજો." આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે વિપક્ષે કેન્દ્ર સરકાર પર શાંતિપૂર્ણ વિરોધ-પ્રદર્શનોની મંજૂરી ન આપવા અંગે સવાલો ઉઠાવ્યા છે. વાંગચુકે કહ્યું કે, દુનિયાભરના દેશો જેમ કે બ્રિટન, નોર્વે અને સ્વીડન સંસદની સામે પ્રદર્શન કરવાની મંજૂરી આપે છે. તેમણે કહ્યું, "તમામ દેશોમાં સંસદની સામેનો વિસ્તાર પ્રદર્શનનું કેન્દ્ર હોય છે. ભારતમાં તે સંસદથી ઘણો દૂર હતો. નવી દિલ્હીમાં આવેલો જંતર-મંતર પણ સંસદ ભવનથી ઘણું દૂર સ્થિત છે" તેમણે કહ્યું કે, પ્રદર્શન કરવા માટે મંજૂરી માગવી ન જોઈએ. મંજૂરીનો ઉપયોગ શહેરમાં થતી પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે થવો જોઈએ, જેમ કે તહેવારો દરમિયાન કરવામાં આવે છે.

### જજના સગીર પુત્રએ મર્સિડીઝથી ટક્કર મારી, સ્કૂટર સવારનું મોત

કોચી

કેરળના કોચીમાં શનિવારે મોડી રાત્રે મર્સિડીઝ કારે સ્કૂટરને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં 55 વર્ષીય સ્કૂટરસવારનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, કાર ચલાવનાર એડિશનલ સેશન જજનો પુત્ર છે. તેની ઉંમર 17 વર્ષ છે. કાર જજના નામે નોંધાયેલી હતી. અકસ્માત રાત્રે 2થી 3 વાગ્યાની વચ્ચે થયો હતો. ઘટનાસ્થળના એક વીડિયોમાં કારનો આગળનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત દેખાયો હતો. પીડિત પરિવારે આરોપ લગાવ્યો કે પોલીસ સ્ટેશનમાં જ્યારે તેમણે સગીરને કાર ચલાવવાની મંજૂરી આપવા અંગે સવાલ ઉઠાવ્યો, ત્યારે જજે તેમની સાથે અપમાનજનક ભાષામાં વાત કરી હતી.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ઊંઝા APMCમાં જીરાના ભાવમાં પ્રતિ 20 કિલોએ 1000 થી 1200 રૂપિયાનો જંગી ઉછાળો

ઊંઝા

ઊંઝા એપીએમસીમાં ખેડૂતો માટે જીરુંના પાકને લઈ રાહતના સમાચાર સામે આવ્યા છે. ગત વર્ષે જીરુંના ભાવ સાવ તળિયે બેસી જતાં ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. પરંતુ હવે હવામાનમાં પલટો અને આગામી સિઝનની સંભવિત સ્થિતિને જોતા જીરુંના બજાર ભાવમાં જંગી ઉછાળો જોવા મળી રહ્યો છે. હાલમાં બજારમાં જીરુંના ભાવમાં પ્રતિ 20 કિલોએ 1000થી 1200 રૂપિયાનો જંગી ઉછાળો નોંધાયો છે. ખેડૂતોને તેમની પડતર કિંમત કરતાં પણ સારા ભાવ મળી રહ્યા છે.

ગત વર્ષે અનુકૂળ વાતાવરણ અને સારો વરસાદ થવાથી જીરુંનું મબલખ ઉત્પાદન થયું હતું. જેના કારણે સિઝનમાં જીરુંના ભાવ 5000 રૂપિયાથી ઘટીને સાવ 3500 રૂપિયા સુધી નીચે સરકી ગયા હતા. બાદ ભૌગોલિક-રાજકીય સ્થિતિ, સ્થાનિક સ્તરે હવામાનમાં પલટો અને ટ્રાન્સપોર્ટેશનની સમસ્યાઓને લીધે બજારમાં માંગ મંદ રહી હતી. આગામી સમયમાં તહેવારોની સિઝન શરૂ થઈ રહી છે. તેની સાથે જ હવામાન નિષ્ણાતો દ્વારા અલ નીનોની અસર વર્તાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## જામનગરમાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં આરોપીની જામીન અરજી નામંજૂર

જામનગર

જામનગર જિલ્લામાં 16 વર્ષથી ઓછી ઉંમરની સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચરવાના અને તેને તથા તેના પરિવારજનોને ધમકી આપવાના કેસમાં પોક્સો અદાલતે આરોપી મેસુર મિયાજરભાઈ કેસુરની રેગ્યુલર જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો છે. આ કેસની વિગતો મુજબ, તા. 29 જુલાઈ, 2026ના રોજ સગીરા સાથે વારંવાર શરીર સંબંધ બાંધ્યા બાદ સગીરાએ આરોપી સાથે સંપર્ક કાપી નાખ્યો હતો. ત્યારબાદ આરોપીએ સગીરાના ભાઈ અને પિતાને મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. આ ધમકીથી ડરી ગયેલી સગીરાએ ફિનાઈલ પી લેતાં સમગ્ર પ્રકરણ બહાર આવ્યું હતું. આ બનાવ અંગે સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી મેસુર મિયાજરભાઈ કેસુર સામે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) અને પોક્સો અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. જેલમાંથી મુક્ત થવા માટે આરોપીએ અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી.

## ફોન હેક કરીને ફાર્માસ્યુટિકલ કંપનીની મહિલા મેનેજરના ખાતામાંથી 7.54 લાખ રૂપિયા પડાવ લીધા

વડોદરા

સમતા પોલીસ ચોકી સામે સરદાર પટેલ હાઈટ્સમાં રહેતા અને એલેમ્બિક ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતા અંકિતાબેન રોશન કુમાર વીરોલાએ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત 15 ઓક્ટોબર 2026 ના રોજ સાંજે આશરે 06:00 વાગ્યાની આસપાસ મારા પિતાના મોબાઈલ નંબર પરથી મારા વોટ્સએપ પર એક શંકાસ્પદ લિંક આવી હતી.

આ લિંક વાહનનું સ્ટેટસ ચેક કરવા માટેની હોવાનું જણાવી ઓપન કરવાનું કહેવામાં આવ્યું હતું.

જેથી મેં તે લિંક ઓપન કરી હતી, પરંતુ તેના લગભગ એક કલાક બાદ મારા ફોન પર સતત અલગ-અલગ નંબરોથી ઓટીપી (OTP) આવવા લાગ્યા હતા. મને શંકા જતા મેં તાત્કાલિક લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને મારો ફોન ફોર્મેટ કરી નાખ્યો હતો.

## યાકુદપુરામાં 3.78 લાખના ચરસ સાથે મહિલા ઝડપાઈ, કુલ 6.04 લાખનો મુદ્દામાલ કબજે

વડોદરા

SOGની ટીમે યાકુતપુરા વિસ્તારમાં દરોડો પાડીને ગેરકાયદેસર રીતે સંગ્રહ કરવામાં આવેલો માદક પદાર્થ ચરસનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરી દરમિયાન પોલીસે રૂ. 6.04 લાખની કુલ મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, SOG સ્ટાફને માહિતી મળી હતી કે અસ્ફાક ઉર્ફે બાબા શેખની પત્ની નાહીદાબાનુ ઉર્ફે લાલી ચરસનો કારોબાર કરે છે અને તેણે ચરસનો જથ્થો યાકુતપુરા મીનારા મસ્જિદ પાસે રહેતી તેની બહેનપણી નૌરીનબાનુ પઠાણના ઘરમાં છુપાવ્યો છે. આ બાતમીના આધારે SOGના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.જે. ચુડાસમા અને તેમની ટીમે સરકારી પંચો, એફ.એસ.એલ. (FSL) અધિકારી અને ફોટોગ્રાફર સાથે રાખી યાકુતપુરા ખાતે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન પ્રથમ માળે આવેલી તિજોરીમાંથી અખબારી કાગળ અને વાદળી સેલોટેપમાં વીંટાળેલા ચરસના 3 પેકેટ મળી આવ્યા હતા. તોલાટ દ્વારા ડિજિટલ વજનકાંટા પર વજન કરાવતા કુલ 1 કિલો 512 ગ્રામ ચરસ મળી આવ્યું હતું.

## અમરેલીના પીપાવાવ નેશનલ હાઈવે પર બાઢડા નજીક LPG ગેસનું ટેન્કર પલટ્યું

અમરેલી

અમરેલી-પીપાવાવ નેશનલ હાઈવે પર આજે (25મી ઓક્ટોબર) એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામ નજીક એલપીજી (LPG) ગેસથી ભરેલું ટેન્કર અચાનક પલટી મારી ગયું હતું. ગેસ ભરેલું ટેન્કર પલટી મારતાં જ રોડ પર અફરાતફરી મચી ગઈ હતી. ઘટનામાં ટેન્કરચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

મળતી માહિતી અનુસાર, આ LPG ગેસ ભરેલું ટેન્કર પીપાવાવ પોર્ટથી નીકળીને બાબરા તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન સાવરકુંડલાના બાઢડા ગામ નજીક ચાલકે કાબૂ ગુમાવતાં ટેન્કર રોડ પર જ પલટી ખાઈ ગયું હતું. આ અકસ્માતમાં ટેન્કરના ડ્રાઈવરને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ગેસથી ભરેલું ટેન્કર પલટાયું હોવાની જાણ થતાં જ સાવરકુંડલા વહીવટી તંત્ર, સાવરકુંડલા પોલીસ અને અમરેલી તથા સાવરકુંડલાની ફાયર વિભાગની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ગેસ લીકેજ અથવા આગ લાગવાની કોઈ અપ્રિય ઘટના ન ઘટે તે માટે સાવચેતીના ભાગરૂપે પોલીસે તાત્કાલિક ધોરણે અમરેલી-રાજુલા માર્ગને બંને બાજુથી બ્લોક કરી વાહન વ્યવહાર અટકાવી દીધો હતો.

### કુસાધુ સાગરચંદ્ર સાગરની કામલીલાથી જૈન સમાજમાં ભારે આક્રોશ!

# ઉજ્જૈનના શ્રી શત્રુંજય આદિનાથ તીર્થધામ ખાતેના ઉપધાન તપનો બહિષ્કાર કરવા જૈન સમાજનો લાલઘુમ આહુકાર..!!!




ઉજ્જૈન/મધ્યપ્રદેશ

અહિંસા, સંયમ અને પવિત્રતાના પ્રતિક સમાન પવિત્ર જૈન ધર્મને કલંકિત કરતી અને સાધુના વેશમાં છુપાયેલા પાખંડીઓનો પર્દાફાશ કરતી અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવતા આખો જૈન સમાજ સ્તબ્ધ થઈ ગયો છે. સાધુમાંથી 'કુસાધુ' બનેલા સાગરચંદ્ર સાગરની કાળી કરતૂતો અને કામલીલાનો 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર દ્વારા સનસનાટીભર્યો પર્દાફાશ કરવામાં આવ્યા બાદ સમગ્ર દેશભરમાં, અને ખાસ કરીને મધ્યપ્રદેશની પવિત્ર ધરતી પર ભારે ભૂકંપ આવી ગયો છે. સૌથી શરમજનક બાબત એ છે કે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર દ્વારા ખુલ્લો પડકાર ફેંકવામાં આવ્યો હોવા છતાં આ કુસાધુ મીડિયા કે સમાજ સમક્ષ આવીને પોતાની સફાઈ આપવાની કે પોતાના બચાવમાં એક શબ્દ પણ બોલવાની હિંમત દાખવી શક્યો નથી!

### સોશિયલ મીડિયાની 'ટીમ' બનાવી કાળા કારનામા પર પડદો પાડવાની ઘીનૌની સાજિશ

મીડિયાના તીખા અને સીધા સવાલોથી પૂંછડી દબાવીને ભાગી રહેલો સાગરચંદ્ર સાગર હવે પોતાના સોશિયલ મીડિયા કન્વીનર અભય ચોપરા અને પોતાની ખાસ પાળેલી-પોષેલી ટીમ દ્વારા ન્યૂઝનું ખંડન કરતા પોસ્ટરો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરાવી રહ્યો છે. જૈન સમાજનો સીધો અને તીખો સવાલ છે કે જો સાગરચંદ્ર સાગર સાચો અને નિર્દોષ છે, તો તે પોતે કેમેરા સમક્ષ આવીને પોતાના ન્યૂડ ફોટા અને આ ગંભીર આરોપો અંગે મોં કેમ નથી ખોલતો? ભાડૂતી સોશિયલ મીડિયા ટીમ દ્વારા ખોટા પોસ્ટરો છપાવીને પોતાની કરતૂતો પર પડદો પાડવાનો આ નાપાક ખેલ હવે વધારે દિવસ નહીં ચાલે.

### દાનના નાણાંથી આયાશી અને માસૂમ સાધ્વીઓના શોષણનો વિસ્ફોટક આરોપ

અહેવાલો અને ખોજી રિપોર્ટ મુજબ, શ્રદ્ધાળુઓ દ્વારા ધર્મ અને આસ્થાના નામે આપવામાં આવતા દાનના કરોડો રૂપિયાનો ખુલ્લેઆમ દુરુપયોગ કરીને આ કુસાધુ પોતાની આયાશીના મહેલો ઊભા કરી રહ્યો છે અને અબજો રૂપિયાની સંપત્તિ તથા જમીનો ખરીદી રહ્યો છે. આનાથી પણ વધુ ભયાનક અને કાળજું કંપાવી દેનારો આરોપ એ છે કે ધર્મની ઓટલે પવિત્ર જીવન જીવવા આવેલી ન જાણે કેટલીય માસૂમ સાધ્વીઓને પોતાની જાળમાં ફસાવીને તેમનું શારીરિક અને માનસિક શોષણ કરવામાં આવ્યું છે, અને હવે આ દરીંદો પોતાનો આગામી શિકાર શોધી રહ્યો છે!

### 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરની ખોજી રિપોર્ટમાં બહાર આવેલા મુખ્ય મુદ્દા અને આરોપો

નાણાકીય ગેરરીતિઓ: શ્રદ્ધાળુઓના દાનના કરોડો રૂપિયાનો વ્યક્તિગત સંપત્તિ, આયાશી અને જમીનો ખરીદવામાં ઉપયોગ કરવાનો ખુલ્લો આરોપ.

નૈતિક આચરણ પર ગંભીર સવાલો: સાધ્વી વર્ગ સાથે અમાનવીય અને અનુચિત શારીરિક શોષણ તેમજ આચરણ સંબંધી ગંભીર ફરિયાદો.

ડીજીટલ પોસ્ટર વિરુદ્ધ સીધી સ્પષ્ટતા: આલોચકોનું કહેવું છે કે મહારાજના સમર્થકો અને સોશિયલ મીડિયા કન્વીનર અભય ચોપરા માત્ર ડીજીટલ પોસ્ટરો જાહેર કરીને આરોપોને ફગાવી રહ્યા છે, જ્યારે આ ગંભીર મામલે મીડિયા કે સમાજ સમક્ષ આવીને બિંદુવાર સ્પષ્ટતા થવી જોઈએ.

ઉજ્જૈન કાર્યક્રમના બહિષ્કાર અને પોલીસ તપાસની ઉગ્ર માંગ

આ સમગ્ર પ્રકરણ બહાર આવ્યા બાદ જૈન સમાજના વરિષ્ઠ પ્રતિનિધિઓ અને અગ્રણીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે:

૧. કાર્યક્રમનો સંપૂર્ણ બહિષ્કાર: મધ્યપ્રદેશની પવિત્ર ભૂમિ પર સ્થિત શ્રી શત્રુંજય આદિનાથ તીર્થધામ ખાતે આયોજિત થનારા 'ઉપધાન તપ' કાર્યક્રમમાં આ કૌભાંડી કુસાધુને ઘૂસવા ન દેવા અને આખા જૈન સમાજ દ્વારા આ કાર્યક્રમનો સંપૂર્ણ બહિષ્કાર કરવાનો રણશિંગુ ફૂંકાયું છે. ભગવાન મહાવીરની પવિત્ર ધરતીને પોતાના પાપથી અપવિત્ર કરવા આવી રહેલા સાગરચંદ્ર સાગરને કાર્યક્રમમાંથી બહાર ફેંકી દેવા જૈન સમાજ એકજૂથ થઈ રહ્યો છે.

૨. આયોજકોને આખરી ચેતવણી: જૈન સમાજ અને મીડિયાએ ઉજ્જૈનના કાર્યક્રમના આયોજકોને સખત શબ્દોમાં ચેતવણી આપી છે કે જો આ કલંકિત કુસાધુને મંચ પર જગ્યા આપવામાં આવશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે અને આયોજકો સામે પણ કાનૂની પગલાં લેવામાં આવશે.

૩. પોલીસ અને કાનૂનનો આશરો: 'પાક્કો ગુજરાત' અને સમાજના અગ્રણીઓએ અપીલ કરી છે કે જે પણ સાધ્વીઓ સાથે અન્યાય અને અત્યાચાર થયો છે, તેઓ ત્વરિત આગળ આવે અને આ કુસાધુ સામે પોલીસમાં એફ.આઈ.આર. (FIR) દાખલ કરાવે તેમજ તેને સાધુ વેશમાંથી કાયમ માટે મુક્ત કરી સમાજ બહાર હાંકી કાઢે.

આખરે સાગરચંદ્ર સાગર અમારા સવાલોના જવાબ આપવાથી કેમ ડરી રહ્યો છે?

જો ખરેખર હિંમત હોય તો સામે આવો અને તમારા ન્યૂડ ફોટા તથા કાળા કારનામાઓનું સત્ય જૈન સમાજ સમક્ષ બેનકાબ કરો!

### દહેગામમાં SMCનો દારૂના જથ્થા પર સપાટો

## મેશ્વો નદીના બ્રિજ પાસે ફોર્ચ્યુનરમાંથી ₹16 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, ચાલક ફરાર

SMCની બાતમી આધારિત કાર્યવાહી; દારૂ-બિયરની 111 પેટીઓ જપ્ત, કાર પર બીજી ગાડીની નંબર પ્લેટ હોવાનું તપાસમાં સામે આવ્યું

ગાંધીનગર

દહેગામ પંથકમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે વિદેશી દારૂના જથ્થા સામે કાર્યવાહી કરતાં મીઠાના મુવાડા પાસે મેશ્વો નદીના બ્રિજ નજીકથી ટોયોટા ફોર્ચ્યુનર કારમાં લઈ જવાતો દારૂ અને બિયરની 111 પેટીઓ ઝડપી પાડી છે. જપ્ત કરાયેલા દારૂની કિંમત 16 લાખથી વધુ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, પોલીસને જોઈને કારનો ચાલક વાહન છોડીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. આ મામલે રખિયાલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

SMCની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે તેનપુર ચોકડી તરફથી ટોયોટા ફોર્ચ્યુનર કાર નંબર




GJ01WS5516માં પાસ-પરમિટ વિના વિદેશી દારૂનો જથ્થો ભરીને દહેગામ તરફ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે ટીમે મીઠાના મુવાડા પાસે મેશ્વો નદીના બ્રિજ નજીક વોચ ગોઠવી હતી.

બાતમી મુજબની ફોર્ચ્યુનર કાર ત્યાં પહોંચતાં SMCની ટીમે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ચાલકે કાર રિવર્સમાં હંકારીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ કાર રસ્તાની બાજુમાં મૂકીને તે અંધારામાં નાસી ગયો હતો. પોલીસની ટીમે કારની તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂ અને બિયરની વિવિધ બ્રાન્ડની કુલ 111 પેટીઓ મળી આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ફોર્ચ્યુનર કાર પર લગાવવામાં આવેલી GJ01WS5516 નંબર પ્લેટ મારુતિ ગ્રાન્ડ વિટારા કારની હોવાનું તપાસમાં સામે આવ્યું છે. કારમાંથી અન્ય એક નંબર પ્લેટ, GJ01HV929, પણ મળી આવી હતી. આ ઉપરાંત કાળા રંગનાં કપડાં સહિતનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે દારૂનો જથ્થો, ફોર્ચ્યુનર કાર, નંબર પ્લેટો અને અન્ય સામગ્રી સહિત કુલ 36.15 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### સંકલન બેઠકમાં અલ્પેશ ઠાકોરે અધિકારીઓને ખખડાવ્યા

## "માત્ર નાણાં ફાળવવાથી વિકાસની જવાબદારી પૂરી થતી નથી": અલ્પેશ ઠાકોર

ચોમાસા બાદ પણ ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાનાં કામ અધૂરાં હોવાની ફરિયાદ; વીજળીની અનિયમિતતા અને સ્થળ પર દેખરેખના અભાવનો મુદ્દો ઉઠાવ્યો

ગાંધીનગર

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કરોડો રૂપિયાના ખર્ચે વિકાસકામો હાથ ધરવામાં આવી રહ્યાં છે, પરંતુ ચોમાસા બાદ પણ અનેક ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાનાં કામ અધૂરાં રહેવા અને વિવિધ કામોની ગુણવત્તા સામે સવાલો ઊઠતાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે અધિકારીઓની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી સંકલન સમિતિની બેઠકમાં તેમણે વિકાસકામોના અમલીકરણ અને દેખરેખ અંગે જવાબદારી નક્કી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

બેઠકમાં અલ્પેશ ઠાકોરે સવાલ ઉઠાવ્યો હતો કે સરકારી નાણાં ખર્ચાયા બાદ પણ જો નાગરિકોને પાયાની સુવિધાઓ માટે મુશ્કેલીનો સામનો કરવો પડે તો તેની જવાબદારી કોની? તેમણે સ્પષ્ટ કર્યું હતું કે માત્ર કામોને મંજૂરી આપીને નાણાં ફાળવી દેવાથી વિકાસની જવાબદારી પૂર્ણ થતી નથી. સ્થળ પર કામ યોગ્ય રીતે થઈ રહ્યું છે કે નહીં, તેની ગુણવત્તા જળવાય છે કે નહીં અને કામ સમયસર પૂર્ણ થાય છે કે નહીં તેની સતત દેખરેખ રાખવી પણ એટલી જ જરૂરી છે. ધારાસભ્યે ગ્રામ્ય વિસ્તારોની સમસ્યાઓ અંગે અધિકારીઓએ



માત્ર કચેરીમાં બેસીને અહેવાલોના આધારે કામગીરીનું મૂલ્યાંકન કરવાને બદલે સ્થળ મુલાકાત લેવી જોઈએ તેવી રજૂઆત કરી હતી. ગામોમાં જઈને ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધવાથી પાયાની સુવિધાઓ અંગેની વાસ્તવિક સ્થિતિ જાણી શકાય અને સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મદદ મળી શકે છે. તેમણે વર્ક ઓર્ડર આપ્યા બાદ કામનું યોગ્ય મોનિટરિંગ ન થતું હોય તો તેની સીધી અસર ગુણવત્તા પર પડી શકે છે તેવી ચિંતા પણ વ્યક્ત કરી હતી. બેઠકમાં ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીની અનિયમિતતાનો પ્રશ્ન પણ ચર્ચાયો હતો. સાંજે રસોઈ બનાવવાના સમયે વીજળી જતી રહેતાં મહિલાઓને મુશ્કેલી પડે છે, જ્યારે સિંચાઈ માટે પાણી વાળવાના સમયે વીજ પુરવઠો ખોરવાતાં ખેડૂતોની ખેતીની કામગીરી પર અસર થાય છે.

### દિનેશ બાંભણિયા 26મીએ હાઈકોર્ટમાં પિટિશન કરશે

## ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અનામત મુદ્દે વિવાદ: SC-ST અને બિનઅનામત વર્ગને અન્યાયની આશંકા

ગાંધીનગર

ગુજરાતમાં આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ પહેલાં અનામત બેઠકોની ફાળવણીનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. પાટીદાર નેતા દિનેશ બાંભણિયાએ આક્ષેપ કર્યો છે કે, રાજ્યમાં રોસ્ટર ક્રમાંકના આધારે અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવશે તો અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને બિનઅનામત વર્ગને મોટાપાયે અન્યાય થવાની શક્યતા છે. આ મુદ્દે તેમણે રાજ્ય સરકારની નીતિ સામે સવાલો ઉઠાવતાં જણાવ્યું છે કે, બેઠકોની ફાળવણી રોસ્ટર ક્રમાંકના બદલે વસ્તીના પ્રમાણને આધારે થવી જોઈએ. આ માગ સાથે તેઓ આવતીકાલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરશે. દિનેશ બાંભણિયાના જણાવ્યા મુજબ, અનામત બેઠકોની ફાળવણી અંગે ઝવેરી કમિશને કરેલી ભલામણો અને સુપ્રીમ કોર્ટના આદેશની ભાવનાને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ. જોકે, તેમના આક્ષેપ પ્રમાણે રાજ્ય સરકારે ઝવેરી કમિશનની ભલામણોને સીધી રીતે સ્વીકારવાને



બદલે કેબિનેટ સબ-કમિટીની પ્રક્રિયાના આધારે અનામતની વ્યવસ્થા અમલમાં મૂકી છે. તેના કારણે અગાઉની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં બેઠકોની ફાળવણીને લઈને અનેક ગેરરીતિઓ અને અન્યાયના કિસ્સા સામે આવ્યા હોવાનો પણ તેમણે દાવો કર્યો છે. બાંભણિયાએ જણાવ્યું હતું કે, અનામત બેઠકોની ફાળવણીમાં વસ્તીના પ્રમાણને બદલે રોસ્ટર ક્રમાંકને આધાર બનાવવામાં આવે તો સંબંધિત વર્ગના લોકોને નુકસાન થઈ શકે છે. ખાસ કરીને બિનઅનામત વર્ગના લોકો જ્યાં તેમની વસ્તી વધુ હોય ત્યાં બેઠકોની ફાળવણીની માગ કરે છે, પરંતુ તેમના મતે વસ્તીના આધારે બેઠકો ફાળવવાને બદલે રોસ્ટર મુજબ અનામત બેઠકો નક્કી કરવામાં આવે છે. પરિણામે બિનઅનામત વર્ગ માટે ઉપલબ્ધ બેઠકોમાં ઘટાડો થતો હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે. દિનેશ બાંભણિયાએ વધુમાં દાવો કર્યો હતો કે, આ વ્યવસ્થાથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વર્ગોને પણ નુકસાન થઈ શકે છે. તેમના મતે, અનામત બેઠકોની ફાળવણીમાં ખામીઓ હોય તો આ વર્ગના ઉમેદવારોને ચૂંટણી લડવાની તકો અને ઉપલબ્ધ બેઠકોના સંદર્ભમાં અસર થઈ શકે છે. આથી સમગ્ર પ્રક્રિયામાં વસ્તી આધારિત ફાળવણી અને કાયદાકીય જોગવાઈઓનું યોગ્ય પાલન થવું જરૂરી હોવાનું તેમણે જણાવ્યું છે. આ મુદ્દે કાયદાકીય લડત આપવાની જાહેરાત કરતાં બાંભણિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને ચૂંટણી તંત્ર દ્વારા જાહેરનામા મારફતે થનારી બેઠકોની ફાળવણી સામે તેઓ આવતીકાલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરશે.

## ગાંધીનગરમાં કેનાલની દીવાલ સાથે કિયા કાર અથડાઈ, બે મિત્રનાં મોત: બે યુવક ગંભીર રીતે ઘાયલ

ગાંધીનગર

ગાંધીનગરના આદરજ મોટીથી પુન્દ્રસણ ચોકડી તરફ જતા કાચી કેનાલના રોડ પર રાત્રે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારવામાં આવી રહેલી કિયા ફોરવ્હીલ કારના ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા સર્જાયેલા અકસ્માતમાં કાર કેનાલના રોડની દીવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર બે યુવકોના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય બે મિત્રોને ગંભીર ઈજાઓ



પહોંચતા પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરઢવ ગામના મહેન્દ્રભાઈ સાંકાભાઈ પટેલના 22 વર્ષીય પુત્ર ધર્મ અને તેના મિત્રો ગત 23 ઓક્ટોબરની રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યાના અરસામાં કિયા ગાડી લઈને સરઢવથી કુડાસણ તરફ જવા નીકળ્યા હતા.

એ વખતે કારમાં ડ્રાઈવિંગ સીટ પર હેત બાળાકૃષ્ણ પટેલ હતો. જ્યારે પાછળની સીટ પર ધર્મ મહેન્દ્રભાઈ પટેલ ઉપરાંત તેના મિત્રો યશ દીપકભાઈ પટેલ અને દીપ વાડીભાઈ પટેલ બેઠા હતા. આ યુવકો યશને તેના ઘરે કૂડાસણ મૂકવા જઈ રહ્યા હતા તે દરમિયાન આદરજથી પુન્દ્રસણ ચોકડી તરફના કાચી કેનાલ રોડ પર ચાલક હેતે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ગાડી પરનો કાબુ ગુમાવ્યો હતો અને કાર સીધી કેનાલના રોડની દીવાલ સાથે અથડાવી દીધી હતી.

પાક્કો ગુજરાત

સોમવાર | 26 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### ક્યારે ધમધમશે વિશ્વનું સૌથી મોટું ઓફિસ કોમ્પ્લેક્સ?

# અબજોનો પ્રોજેક્ટ અને વેરાન કોરિડોર: સુરત ડાયમંડ બુર્સમાં 4 વર્ષ પછી પણ 4,500માંથી માત્ર 350 ઓફિસો જ ચાલુ!

**■ અબજો રૂપિયાના આકાશી રોકાણથી બનેલું આ ભવ્ય કોમ્પ્લેક્સ આજે ધંધાકીય પ્રવૃત્તિઓ માટે વલખાં મારી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે**

સુરત

અમેરિકાના પેન્ટાગોનને પણ પાછળ છોડીને વિશ્વના સૌથી મોટા ઓફિસ બિલ્ડિંગનો તાજ પહેરનાર સુરત ડાયમંડ બુર્સ (SDB) ફરી એકવાર ભારે ચર્ચાના ચકડોળે ચડ્યું છે. હીરાઉદ્યોગને એક જ છત નીચે લાવવાના અને મુંબઈનું વર્ચસ્વ તોડીને સુરતને વૈશ્વિક ડાયમંડ હબ બનાવવાના ભવ્ય દાવોઓ વચ્ચે એક કડવું સત્ય સામે આવ્યું છે. પ્રોજેક્ટની શરૂઆતના ચાર વર્ષથી વધુ સમય વિતી ગયા પછી પણ ૪,૫૦૦ જેટલી આધુનિક ઓફિસોમાંથી માત્ર ૩૫૦ જેટલી જ ઓફિસો કાર્યરત થઈ હોવાનો ધમાકેદાર દાવો કરવામાં આવી રહ્યો છે. અબજો રૂપિયાના આકાશી રોકાણથી બનેલું આ ભવ્ય કોમ્પ્લેક્સ આજે ધંધાકીય પ્રવૃત્તિઓ માટે વલખાં મારી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. સુરતના ખજોદ ખાતે નિર્માણ પામેલું આ ડાયમંડ બુર્સ સ્થાપત્ય અને સુવિધાઓની દ્રષ્ટિએ વિશ્વની અજાયબી સમાન છે. પરંતુ વેપારની વાસ્તવિકતા અલગ જ ચિત્ર બતાવી રહી છે. હીરાના મોટા મોટા વેપારીઓએ કરોડો રૂપિયાના રોકાણ કરીને ઓફિસો તો ખરીદી લીધી, પરંતુ ત્યાંથી દૈનિક કામકાજ શરૂ કરવામાં હજુ પણ મોટો ખચકાટ જોવા મળી રહ્યો છે. ૪,૫૦૦થી વધુ સુસજ્જ ઓફિસોમાંથી ૯૦ ટકાથી વધુ ઓફિસોમાં આજે પણ તાળાં લટકી રહ્યા છે. દૈનિક હજારો વેપારીઓની ચહલપહલથી ધમધમતા હોવા જોઈતા આ કોરિડોરમાં આજે સન્નાટો છવાયેલો રહે છે. હીરા ઉદ્યોગના નિષ્ણાતો અને સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ, બુર્સ સંપૂર્ણ ક્ષમતાથી ન ચાલવા પાછળ કેટલાક મુખ્ય કારણો જવાબદાર છે: હીરાનો આંતરરાષ્ટ્રીય વેપાર, કસ્ટમ્સ, એરપોર્ટ કનેક્ટિવિટી અને વિદેશી ખરીદદારો માટે મુંબઈ આજે પણ પહેલી પસંદ છે. મુંબઈના ભારત ડાયમંડ બુર્સ (BDB)માંથી વેપારીઓ સુરત શિફ્ટ થવામાં આનાકાની કરી રહ્યા છે. સુરત એરપોર્ટ પરથી હજુ સુધી પૂરતી ડાયરેક્ટ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ શરૂ થઈ નથી, જેના કારણે વિદેશી બાયર્સ સીધા સુરત આવવાને બદલે મુંબઈ ઉતરવાનું વધુ પસંદ કરે છે.



માત્ર બિલ્ડિંગ ઊભું કરી દેવાથી વેપાર નથી થતો. તેની આસપાસ હોટલ, આંતરરાષ્ટ્રીય બેંકિંગ, કસ્ટમ હાઉસ અને બાયર્સ માટેની રહેવા-જમવાની ઈકોસિસ્ટમ વિકસવામાં સમય લાગી રહ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક સ્તરે પોલિશ્ડ ડાયમંડની માંગમાં ઘટાડો અને મંદીનો માહોલ હોવાથી વેપારીઓ નવા સ્થળે સેટઅપ કરવાનો જોખમી નિર્ણય લેવાનું ટાળી રહ્યા છે. ક્યારે વેગ મળશે આ ડ્રીમ પ્રોજેક્ટને?

## કદવાલના વણકરવાસ ફળિયામાં બે વર્ષથી હેન્ડપંપ બંધ!

### પાણી માટે ગ્રામજનોના વલખાં, પંચાયતની કામગીરી સામે સવાલો : વારંવાર રજૂઆત છતાં હેન્ડપંપ રિપેર ન થતાં સ્થાનિક રહીશોમાં નારાજગી

કદવાલ, ઈરફાન મકરાણી

કદવાલ ગામના વણકરવાસ ફળિયામાં પીવાના પાણીની સમસ્યાને લઈને સ્થાનિક રહીશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ફળિયામાં કનકભાઈ વણકરના ઘર આગળ આવેલો હેન્ડપંપ છેલ્લા આશરે બે વર્ષથી બંધ હાલતમાં હોવા છતાં આજદિન સુધી તેનું સમારકામ કરવામાં આવ્યું ન હોવાની સ્થાનિક રહીશો દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. વણકરવાસ ફળિયાના રહીશો માટે પાણી મેળવવાનો આ હેન્ડપંપ ઉપયોગી હોવા છતાં લાંબા સમયથી બંધ રહેતાં લોકોને પાણી માટે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, હેન્ડપંપ ચાલુ કરાવવા માટે કદવાલ ગ્રામ પંચાયતમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી હેન્ડપંપનું સમારકામ કરવામાં આવ્યું નથી.



પાણી એ દરેક પરિવારની પાયાની જરૂરિયાત છે. ત્યારે વણકરવાસ ફળિયામાં બે વર્ષથી હેન્ડપંપ બંધ રહેવાની સમસ્યાએ સ્થાનિક રહીશોની મુશ્કેલી વધારી છે. લોકોને પાણી મેળવવા માટે અન્ય સ્થળોએ જવાની ફરજ પડી રહી છે. વારંવાર રજૂઆત કરવા છતાં સમસ્યાનો ઉકેલ ન આવતાં રહીશોમાં નારાજગી જોવા મળી રહી છે.

### રોજ અકસ્માતો અને વાહનો સ્લીપ થવાથી લોકોમાં ભારે આક્રોશ

## ડભોઇના સરિતા ઓવરબ્રિજ ઉતરતા જ મોતની હાકલ કરતા જોખમી ખાડા

ડભોઇ

ઐતિહાસિક નગરી ડભોઈમાં પ્રવેશવા માટેના મુખ્ય અને અત્યંત વ્યસ્ત માર્ગ સમાન 'સરિતા ઓવરબ્રિજ' પર મોતનો પંજો ફેલાઈ ચૂક્યો છે. બ્રિજ પરથી ડભોઇ તરફ નીચે ઉતરતી વખતે જ ઢાળ પર મોટા, ઊંડા અને જોખમી ખાડાઓનું સામ્રાજ્ય ઊભું થઈ ગયું છે, જે હવે વાહનચાલકો માટે સીધા 'મોતના ખાડા' સાબિત થઈ રહ્યા છે. સ્થાનિક રહીશો, વેપારીઓ અને દૈનિક મુસાફરોમાં તંત્રની આ લાપરવાહી સામે જોરદાર આક્રોશ ફાટી નીકળ્યો છે. સરિતા ઓવરબ્રિજ પરથી જ્યારે વાહનો નીચે ઉતરે છે, ત્યારે ગતિ નિયંત્રણમાં રાખવી મુશ્કેલ બને છે અને અચાનક નજરે પડતા આ વિશાળ ખાડાઓને કારણે ચાલકો વાહન પરથી કાબૂ ગુમાવી બેસે છે. પરિણામે આ સ્થળે અવારનવાર નાના-મોટા અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે. ખાસ કરીને બાઈક, સ્કૂટર કે એક્ટિવા જેવા દ્વિચક્રી વાહનચાલકો (ટૂ-વ્હીલર) આ લપસણા અને ખાડાવાળા રોડ પર સ્લીપ થઈને રોડ પર પટકાય છે અને ગંભીર ઈજાઓનો ભોગ બને છે. રાત્રિના અંધકારમાં સ્ટ્રીટલાઈટના અભાવે અથવા ભારે ટ્રાફિકના સમયે આ ખાડાઓ બિલકુલ દેખાતા નથી, જેના કારણે આ સ્થિતિ અત્યંત જીવલેણ બની ગઈ છે. આ મુખ્ય માર્ગ પરથી રોજેરોજ હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો, સ્કૂલ બસો અને રાહદારીઓ પસાર થાય છે. તેમ છતાં ડભોઈ નગરપાલિકાના સત્તાધીશો, માર્ગ અને મકાન વિભાગ કે સંબંધિત તંત્રના પેટનું પાણી સુદ્ધાં હલતું નથી.



અગાઉ અનેક રજૂઆતો કરવા છતાં આ જોખમી ખાડાઓને પૂરવા માટે કે ડામર પેચવર્ક કરવા માટે કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. તંત્રની આ ઘોર બેદરકારી અને આખી ઉદાસીનતા એ વાતની સાક્ષી પૂરે છે કે શું વહીવટી તંત્ર કોઈ મોટી જીવલેણ દુર્ઘટના ઘટે તેની રાહ જોઈને બેઠું છે? ડભોઈના જાગૃત નાગરિકો અને રોષે ભરાયેલા વાહનચાલકોની હવે એક જ માંગ બુલંદ બની છે કે, કોઈ નિર્દોષ નાગરિક પોતાના પ્રાણ ગુમાવે તે પહેલાં તંત્ર તાત્કાલિક ધોરણે ઊંઘમાંથી જાગે અને આ સરિતા ઓવરબ્રિજ ઉતરતા રસ્તા પર પડેલા જોખમી ખાડાઓનું તાત્કાલિક સમારકામ (ડામર પેચવર્ક) કરાવે.

## વડોદરાના યાકુતપુરામાં SOGના મોડી રાત્રે પાડવામાં આવેલા દરોડા: કરોડો રૂપિયાનો નશીલો પદાર્થ ઝડપાયો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરા શહેરને નશાના દૂષણથી મુક્ત કરવા માટે વડોદરા શહેર પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા આક્રમક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વડોદરાના અતિ સંવેદનશીલ ગણાતા યાકુતપુરા વિસ્તારમાં SOG ની ટીમે બાતમીના આધારે મોડી રાત્રે એક સામૂહિક દરોડો પાડીને મોટા પ્રમાણમાં માદક પદાર્થ (ડ્રગ્સ/નશીલો જથ્થો) જપ્ત કર્યો છે. પોલીસની આ અચાનક અને કડક કાર્યવાહીને પગલે સમગ્ર યાકુતપુરા વિસ્તાર અને શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, SOG ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે યાકુતપુરા વિસ્તારમાં માદક પદાર્થોનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે અને તેનો મોટો જથ્થો છુપાવીને રાખવામાં આવ્યો છે. આ બાતમીના આધારે SOG ના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કાફલાએ વિસ્તારને ઘેરી લઈને દરોડા પાડ્યા હતા.

દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી મોટા પ્રમાણમાં શંકાસ્પદ માદક પદાર્થ મળી આવ્યો છે.

## ડભોઇ પંથકની જીવાદોરી સમાન ઓરસંગ નદી શિયાળાની શરૂઆતમાં જ સૂકીભઠ!!

### ભૂગર્ભ જળસ્તર ઊંડા ઉતરવાની ભીતિ વચ્ચે ખેડૂતો અને પશુપાલકો ભારે મૂંઝવણમાં

ડભોઇ

ડભોઇ તાલુકામાંથી પસાર થતી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે સદીઓથી જીવાદોરી સમાન ગણાતી ઓરસંગ નદી અત્યારથી જ સાવ કોરીધાકોર જોવા મળી રહી છે. સામાન્ય રીતે કાળઝાળ ઉનાળાની આકરી ઋતુમાં નદીઓના પટ સૂકાતા જોવા મળતા હોય છે, પરંતુ આ વર્ષે હજુ તો શિયાળાની માંડ શરૂઆત થઈ રહી છે ત્યાં જ ઓરસંગ નદી અત્યારથી ખાલીખમ થઈ જતાં સ્થાનિક લોકો અને સમગ્ર ખેડૂત આલમમાં ભારે આશ્ચર્ય સાથે ઘેરી ચિંતાનું મોજું ફરી વળ્યું છે.



ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન ડભોઈ પંથકમાં વરસાદની ભારે અનિયમિતતા અને ઓછો વરસાદ નોંધાયો છે. જેના માઠા પરિણામે તાલુકાના મુખ્ય જળસ્ત્રોતો સમય પહેલાં જ ખાલી થઈ ગયા છે. ચોમાસુ વિદાય લેતાની સાથે જ ઓરસંગ નદીના વહેણ થંભી ગયા છે અને નદીના પટમાં હવે માત્ર રેતીના ઢગલા જ નજરે પડી રહ્યા છે.

હજુ તો આખો શિયાળો બાકી છે અને ત્યારબાદ કાળઝાળ ઉનાળો પસાર કરવાનો છે. આવી સ્થિતિમાં મોસમની શરૂઆતથી જ નદી સુકાઈ જતાં આવનારા દિવસોમાં સમગ્ર ડભોઈ પંથકમાં જળસંકટ વધુ ઘેરું અને વિકટ બને તેવી પૂરેપૂરી શક્યતાઓ વર્તાઈ રહી છે. ઓરસંગ નદીના કાંઠે આવેલા અસંખ્ય ગામોના ખેડૂતો નદીના વહેતા પાણી અને તેના કારણે આસપાસની જમીનમાં ઊંચા રહેતા ભૂગર્ભ જળસ્તર (વોટર ટેબલ) પર સંપૂર્ણ નિર્ભર રહીને મોટા પાયે શિયાળુ તેમજ ઉનાળુ ખેતી કરતા હોય છે. નદી અત્યારથી જ સૂકીભઠ થઈ જતાં બોર-કૂવાના પાણીના તળ પણ ઝડપથી ઊંડા ઉતરી જવાની ભીતિ સેવાઈ રહી છે. આ કપરી પરિસ્થિતિના કારણે ખેડૂતો શિયાળુ પાકનું વાવેતર કરવું કે નહીં તે અંગે ભારે દ્વિધા અને મૂંઝવણમાં મુકાઈ ગયા છે. જો નદીમાં પાણી જ ન રહે તો ખેડૂતો શિયાળુ કે ઉનાળુ પાક લઈ શકે તેવી કોઈ સાનુકૂળ સ્થિતિ હાલ દેખાતી નથી.

### ચાર ગામના રોષે ભરાયેલા ગ્રામજનોએ પોલીસ સ્ટેશન ઘેરીને આપ્યું આવેદનપત્ર!

## લીંબાસીની કોનકોર્ડ બાયોટેક કંપનીની દાદાગીરી: રાત્રિના અંધારામાં ઝેરી રાસાયણિક ગેસ છોડીને પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડાં

ખેડા

ખેડા જિલ્લાના લીંબાસી વિસ્તારમાં આવેલી કુખ્યાત બની રહેલી 'કોનકોર્ડ બાયોટેક' (Concord Biotech) કંપની દ્વારા આચરવામાં આવતી ગંભીર પર્યાવરણીય લાપરવાહી અને મનમાની હવે હદ વટાવી ચૂકી છે. કંપની દ્વારા રાત્રિના સુમારે અંધારાનો લાભ લઈને હવામાં ઝેરી અને ગૂંગળામણ પેદા કરનાર રાસાયણિક ગેસ છોડવામાં આવતા આસપાસના ગ્રામજનોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. શ્વાસ રૂંધવાની આ ઘટનાથી ત્રાહિમામ પોકારી ગયેલા ચાર ગામના સેંકડો ગ્રામજનોએ આજે મોડી સાંજે એકઠા થઈને પોલીસ સ્ટેશન પર ધામા નાખ્યા હતા અને કંપની વિરુદ્ધ સખત રોષ વ્યક્ત કરીને આવેદનપત્ર સુપરમાઈ કર્યું હતું. મળતી વિગતો મુજબ, કોનકોર્ડ બાયોટેક કંપની દ્વારા પોતાના પ્લાન્ટમાં થતા ઉત્પાદન અને કેમિકલ પ્રક્રિયાના કચરાના નિકાલમાં નિયમો નેવે મૂકવામાં આવ્યા છે. કંપનીના સંચાલકો અવારનવાર રાત્રિના સમયે જ્યારે સમગ્ર વિસ્તાર ગાઢ નિંદ્રામાં હોય છે, ત્યારે પર્યાવરણના કાયદાને ઘોઈને પીને હવામાં ઝેરી રાસાયણિક ગેસ છોડી દે છે. આ ઝેરી ગેસના લીધે આસપાસના રહેણાંક વિસ્તારોમાં એટલી ભયાનક દુર્ગંધ ફેલાઈ જાય છે કે લોકોનું ઘરમાં શ્વાસ લેવું પણ દુર્લભ બની જાય છે. નાના બાળકો, વડીલો અને અસ્થમાના દર્દીઓને ગૂંગળામણ અનુભવાય છે અને આંખોમાં બળતરા તથા ઉલટી જેવી ગંભીર સમસ્યાઓ સર્જાય છે. કંપનીની આ નિર્દયતા અને પ્રજાના સ્વાસ્થ્ય સાથેના ખેલથી ગ્રામજનોમાં જબરદસ્ત ઉદ્વેગ ફેલાયો છે. કંપનીના આ ત્રાસથી કંટાળીને લીંબાસી અને તેની આસપાસના ચાર ગામોના જાગૃત નાગરિકો તથા અગ્રણીઓ આજે મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા.



### ભાવનગર પોલીસ સ્ટેશન બહાર ભારે હોબાળો

## કથિત લઠ્ઠાકાંડ અને કાયદો-વ્યવસ્થાની કથળેલી સ્થિતિ સામે ગ્રહો મંત્રી હર્ષ સંઘવીના પૂતળા દહનનો પ્રયાસ

ભાવનગર

સંસ્કારી નગરી ગણાતા ભાવનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લઈને રાજકારણ ગરમાયું છે. ભાવનગરમાં સર્જાયેલા વિવાદાસ્પદ નકલી દારૂ અને લઠ્ઠાકાંડ જેવી ગંભીર ઘટનાઓ તેમજ વળતી પોલીસ નિષ્ક્રિયતા સામે રોષે ભરાયેલા યુવાનો અને વિરોધ પક્ષના આગેવાનો દ્વારા પોલીસ સ્ટેશનની બહાર જઈને રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ દરમિયાન ગૃહમંત્રીના પૂતળા દહનના પ્રયાસથી પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી અને ભારે ઘમાસાણ સર્જાયું હતું. ગુજરાતમાં દારૂબંધીના ડક દાવાઓ કરવામાં આવે છે, પરંતુ ભાવનગર પંથકમાં અવારનવાર સામે આવતા નશીલા પદાર્થો અને નકલી દારૂના કારોબારે સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે. પ્રજાના નાણાં અને યુવાધન નશાની જાળમાં બરબાદ થઈ રહ્યા હોવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા બુટલેગરો સામે નક્કર કાર્યવાહી ન થતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ જ રોષના ભાગરૂપે ભાવનગરમાં વિરોધ પ્રદર્શનોનું મોજું ફરી વળ્યું હતું. કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા સામે આક્રોશ વ્યક્ત કરવા માટે વિરોધ પ્રદર્શનકારીઓએ પોલીસ સ્ટેશનની બહાર જ સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની નીતિઓ સામે સવાલો ઉઠાવ્યા હતા. પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ હતી કે વિરોધ કરી રહેલા યુવાનો અને આગેવાનો દ્વારા ગૃહમંત્રી હર્ષ સંઘવીનું પૂતળું સળગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનની બરાબર બહાર જ આ પ્રકારે પૂતળા દહનના અહેવાલ મળતા જ પોલીસ કાફલો હરકતમાં આવી ગયો હતો.



## નડિયાદ ટાઉન પોલીસની પ્રશંસનીય કામગીરી: ગણતરીના કલાકોમાં જ ગુનો ડિટેક્ટ, સંતરામ મંદિરના પાર્કિંગમાંથી બાઈક ચોરી કરનાર રીઢો ચોર ઝડપાયો!

ખેડા

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં પોલીસ પ્રશાસને ગુનેગારો સામે કડક વલણ અપનાવ્યું છે. નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનની ટીમે ઉત્કૃષ્ટ અને ત્વરિત કામગીરીનું ઉદાહરણ પૂરું પાડતાં શહેરના પવિત્ર અને આસ્થાના કેન્દ્ર સમાન સંતરામ મંદિરના પાર્કિંગમાંથી મોટરસાઈકલ ચોરી કરનાર રીઢા બાઈકચોરને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસની આ ઝંઝાવાતી કાર્યવાહીથી વાહનચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નડિયાદના પ્રખ્યાત સંતરામ મંદિરની મુલાકાતે આવેલા એક નાગરિકે પોતાનું બાઈક મંદિરના પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. દરમિયાન, તસ્કરોની નજર આ વાહન પર પડી હતી અને અજાણ્યા ચોરે પાર્કિંગમાંથી નજર ચૂકવીને બાઈક ચોરી કરી નાસી છૂટ્યા હતા. અચાનક વાહન ચોરી થઈ જવાથી વાહનમાલિક ચિંતામાં મુકાઈ ગયા હતા અને તાત્કાલિક આ અંગે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતાની સાથે જ નડિયાદ ટાઉન પોલીસના અધિકારીઓ અને સ્ટાફે આ કેસને ગંભીરતાથી લઈને 'ડિટેક્શન' માટે સઘન ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સ: પોલીસે મંદિર પરિસરમાં અને આસપાસના માર્ગો પરના સીસીટીવી (CCTV) ફૂટેજની ઝીણવટભરી તપાસ કરી હતી તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સોર્સની મદદ લીધી હતી. પોલીસની ટીમે બાતમી અને ટેક્નિકલ પુરાવાઓના આધારે શંકાસ્પદ ઈસમની ઓળખ કરી લીધી હતી અને ગણતરીના જ કલાકોમાં ચોરાવાયેલા મુદ્દામાલ (બાઈક) સાથે કુખ્યાત રીઢા ચોરને ઝડપી પાડ્યો હતો.



### લાખોનું રોજીરોટી માટે પલાયન: આને કહેવાય વિકાસ?

## 3 ધારાસભ્યો અને દોઢ સાંસદનો 'વિકાસનો દાવો', છતાં છોટા ઉદેપુર દેશના ટોપ-10 કુપોષિત જિલ્લામાં!

છોટાઉદેપુર

આદિવાસીઓના અધિકાર, સશક્તિકરણ અને જંગલ જમીનની મોટી મોટી ગુલબાંગો વચ્ચે પૂર્વપટ્ટીના છોટા ઉદેપુર જિલ્લામાં વાસ્તવિકતા અત્યંત ભયાનક અને કાળજું કંપાવી દે તેવી સામે આવી છે. ચૂંટણીઓ આવે ત્યારે મત મેળવવા માટે 'વિકાસની હરીફાઈ'માં ઉતરેલા ૩-૩ ધારાસભ્યો અને દોઢ-દોઢ સાંસદોના દાવાઓની હવા નીકળી ગઈ છે. દાવા અને ભાષણોના મોટા-મોટા બલૂન વચ્ચે છોટા ઉદેપુર જિલ્લો આજે પણ દેશના સૌથી વધુ કુપોષિત ટોપ-૧૦ જિલ્લાઓની યાદીમાં ધકેલાયેલો છે! એટલું જ નહીં, સ્થાનિક સ્તરે રોજગારીના અભાવે દર વર્ષે લાખો આદિવાસી પરિવારોને વતન છોડીને હિજરત (પલાયન) કરવાની નોબત આવી રહી છે. સવાલ એ થાય છે કે શું આ જ ભાજપ સરકારનો 'રોલ મોડેલ' વિકાસ છે? છોટા ઉદેપુર જિલ્લાને પ્રતિનિધિત્વ આપવા માટે ૩ વિધાનસભા બેઠકોના ધારાસભ્યો અને સાંસદોની ફોજ છે. દરેક નેતા મંચ પરથી વિકાસના કરોડોના કામોની તકતીઓ ગણાવે છે અને એકબીજાથી આગળ નીકળવાની હરીફાઈ કરે છે. પરંતુ કડવી હકીકત એ છે કે આ હરીફાઈ માત્ર કાગળ પર અને પોતાની રાજકીય છાપ સેટ કરવા પૂરતી સીમિત છે. આદિવાસી બાળકના પેટમાં એક ટંકનું પોષણક્ષમ અનાજ પહોંચાડવામાં આ તમામ નેતાગીરી સાવ નિષ્ફળ નીવડી છે. સરકારી કાગળો પર બજેટો વપરાઈ જાય છે પણ ગરીબ આદિવાસી પરિવારના આંગણે માત્ર ભૂખમરો અને લાચારી જ ઊભી રહે છે. આરોગ્ય અને મહિલા-બાળ વિકાસ વિભાગની કરોડો રૂપિયાની સ્કીમો અને પોષણ યોજનાઓના હોબાળા વચ્ચે છોટા ઉદેપુરનું આંકડાકીય સત્ય ધ્રૂજાવી દે તેવું છે. કુપોષણના મામલે આ જિલ્લો દેશના સૌથી ખરાબ સ્થિતિ ધરાવતા ૧૦ જિલ્લામાં સ્થાન પામે છે. અહીંના હજારો બાળકો જન્મતાંની સાથે જ યોગ્ય આહાર અને સારવારના અભાવે કુપોષણનો ભોગ બની રહ્યા છે. આંગણવાડીઓ અને ન્યુટ્રિશન સેન્ટરો માત્ર શો-પીસ બનીને રહી ગયા છે, જ્યારે સરકારી યોજનાઓનો સિંહભાગ વચેટિયાઓ અને કાગળ પરના વહીવટમાં જ હોમાઈ જાય છે.

વિકાસની ગુલાબી વાતો વચ્ચે સૌથી દુઃખદ સ્થિતિ એ છે કે છોટા ઉદેપુર જિલ્લામાંથી દર વર્ષે લાખોની સંખ્યામાં આદિવાસીઓ રોજીરોટીની શોધમાં અન્ય શહેરો તરફ પલાયન કરે છે. જિલ્લામાં કોઈ ઉદ્યોગ-ધંધા નથી, ખેતી માટે પૂરતી સિંચાઈની સુવિધાઓ નથી કે નથી રોજગારીનું સ્થાનિક સ્રોત. પોતાના જ ઘરમાં પોતાના બાળકો અને પરિવારનું પેટ ન ભરાતા આદિવાસી ભાઈ-બહેનોને ઈંટોની ભઠ્ઠીઓ, મજૂરી કામ અને બાંધકામના સાઈટો પર અત્યંત શોષણજનક પરિસ્થિતિમાં કામ કરવા જવું પડે છે.

## મહેમદાવાદ પોલીસની મોટી રેડ: મોદજ-વિક્રમપુરા સીમમાંથી ₹4.46 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

ખેડા

ખેડા જિલ્લાના મહેમદાવાદ પોલીસ સ્ટેશન દ્વારા બુટલેગરો અને નશાનો કારોબાર કરનારાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. મહેમદાવાદ પોલીસની ટીમે બાતમીના આધારે મોદજ અને વિક્રમપુરા વિસ્તારની સીમમાં સપાટો બોલાવીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ દરોડા દરમિયાન પોલીસે લાખો રૂપિયાના મુદ્દામાલ સાથે બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મહેમદાવાદ પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે મોદજ તથા વિક્રમપુરા ગામની સીમ વિસ્તારમાં વિદેશી દારૂનો ગેરકાયદેસર જથ્થો ઉતારવામાં આવ્યો છે અને તેનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસ ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે નિર્ધારિત સ્થળે વોચ ગોઠવીને દરોડા પાડવામાં આવ્યા હતા.



પોલીસની આ અચાનક અને સઘન તપાસ દરમિયાન સ્થળ પરથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને કિંમતી જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કુલ ૪,૪૬,૦૦૦ (૪.૪૬ લાખ) ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. આ દરોડા દરમિયાન પોલીસે દારૂના આ કારોબાર સાથે સંકળાયેલા બે મુખ્ય આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસ દ્વારા પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે કે આ વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કયા શખ્સોને સપ્લાય કરવાનો હતો.

# તંત્રી લેખ...

## મંત્રીઓ સલાહ આપે છે પણ સ્થિતિ કેમ નથી સમજતા? ખેડૂતો પીડાની પરાકાષ્ઠાએ!

દુકાળ જેવી ભયાનક સ્થિતિ છે પણ સરકારને કેમ નથી દેખાતું? ગાંધીનગરના વાતાનુકૂલિત કચેરીઓમાં બેસીને પ્રજાના સેવક બનવાનો દાવો કરતા મંત્રીઓને ખેડૂતોની દુર્દશા બતાવવા માટે હવે કયા ચશ્મા આપવા પડશે? ઓફિસોની નરમ ખુરશીઓમાં બેઠા બેઠા જગતના તાતનું દર્દ ન સમજાય, એ માટે ધૂળિયા રસ્તા પર ઉતરીને વાસ્તવિકતા જોવી પડે!

ગુજરાતમાં આજે ખેડૂતોની સ્થિતિ અત્યંત ગંભીર અને દયનીય તબક્કે પહોંચી ગઈ છે. એક તરફ કુદરતનો મારો અને બીજી તરફ તંત્રની ઘોર ઉદાસીનતા વચ્ચે પીસાતો જગતનો તાત આજે પોતાની પીડાની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. ચોમાસામાં વરસાદની અનિયમિતતા, સિંચાઈના પાણીનો અભાવ અને હવે શિયાળાની શરૂઆતમાં જ સૂકાઈ રહેલા જળસ્ત્રોતોએ ખેડૂતોના મુખમાંથી રોટલો છીનવી લીધો છે. પરંતુ અસલી શોક અને શરમની વાત એ છે કે ગાંધીનગરમાં એસી ચેમ્બરોમાં બેસેલા મંત્રીઓ અને અધિકારીઓ ખેડૂતોને માત્ર ફોગટની સલાહો આપ્યા કરે છે, પરંતુ જમીની હકીકત સમજવા જ તૈયાર નથી!

### તંત્રી સવાલ: કયા ચશ્મા આપીએ તમને કે ખેડૂતોની હાલત દેખાય?

જ્યારે ખેડૂત ખેતરમાં જઈને સુકાતા પાકને જુએ છે, ત્યારે તેના કાળજાના ટુકડા થઈ જાય છે. શિયાળુ પાકની વાવણી કરવી કે કેમ તે અંગે ખેડૂતો ભારે દ્વિધામાં છે. નદીઓ સૂકીભઠ થઈ ગઈ છે, બોર અને કૂવાના તળ ઊંડા ઉતરી ગયા છે, અને ખેતી પર નભતો



આખો પરિવાર દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યો છે.

આવી ભયાનક સ્થિતિ હોવા છતાં, સરકારના મંત્રીઓ અને સત્તાધીશોને આ કંગાળિયત કેમ દેખાતી નથી?

શું સરકાર કોઈ અલગ જ દુનિયામાં જીવી રહી છે?

શું મંત્રીઓની આંખો પર સત્તાના નશાના એવા ચશ્મા ચડી ગયા છે કે તેમને ખેડૂતોના આંસુ અને ખેતરોના રેતીના પટ દેખાતા નથી?

જો સરકારને આ દુકાળ જેવી ભયાનક સ્થિતિ નથી દેખાતી, તો પાક્કો ગુજરાત પૂછે છે કે ખેડૂતોની આ બરબાદી જોવા માટે તમને કયા ચશ્મા આપવા પડશે?

### ઓફિસમાં બેઠા બેઠા દર્દ ના સમજાય, ખેતરોના પટમાં જવું પડે!

સરકારના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ પરિપત્રો બહાર પાડીને, પ્રેસ કોન્ફરન્સો કરીને અને રેલીઓમાં ભાષણો આપીને ખેડૂત કલ્યાણના મોટા મોટા દાવાઓ કરે છે. પરંતુ આ સાહેબોને કોણ સમજાવે કે ઓફિસોની બંધ બારણે બેસીને ખેડૂતોનું દર્દ ક્યારેય સમજી શકાતું નથી.

### ખેડૂતની સાચી પીડા જાણવી હોય તો:

**1. ગાંધીનગરના એસી રૂમો છોડીને ધૂળિયા ગામડાઓમાં જવું પડે.**

**2. કાળઝાળ તાપમાં અને પાકના નુકસાનથી રડતા ખેડૂતની સામે ઊભા રહેવું પડે.**

**3. જમીનની ફાટેલી તિરાડો અને સૂકાઈ ગયેલા નદી-નાળા પોતાની નજરે જોવા પડે.**

માત્ર કાગળ પર આંકડાઓની માયાજાળ રચીને 'બધું બરાબર છે' નો રાગ આલાપવાથી વાસ્તવિકતા બદલાઈ જતી નથી.

### પાક્કો ગુજરાતનો આકરો અવાજ

જો સત્તા પર બેઠેલા નેતાઓ સમયસર પોતાની કુંભકર્ણ નિંદ્રામાંથી નહીં જાગે અને ખેડૂતોને સિંચાઈનું પાણી, પૂરતી વીજળી અને પાક નુકસાનીનું યોગ્ય વળતર નહીં આપે, તો આ દેશનો અને રાજ્યનો આધાર ગણાતો ખેડૂત સંપૂર્ણપણે ભાંગી પડશે.

સરકારે હવે સલાહો આપવાનું બંધ કરીને તાત્કાલિક ધોરણે નક્કર પગલાં ભરવા પડશે. ખેડૂતોની સહનશક્તિની હવે હદ આવી ગઈ છે. જો સમયસર રાહત નહીં મળે, તો આ આક્રોશ આવનારા દિવસોમાં મોટું રાજકીય અને સામાજિક વાવાઝોડું ઊભું કરશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# વૈશ્વિક અર્થતંત્ર પર દેવાનો મોટો બોજ: વિશ્વ પર ₹34,675 લાખ કરોડનું દેવું, ભારત પર પણ ₹323 લાખ કરોડનું સરકારી કરજ!

## વધતી વ્યાજ ચુકવણીથી ગ્લોબલ ઇકોનોમી પર ભારે દબાણ




સમગ્ર વિશ્વ અને ભારતનું અર્થતંત્ર અત્યારે એક અત્યંત ચિંતાજનક અને ગંભીર તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે વધતા જતા સરકારી અને ખાનગી દેવાના કારણે દુનિયાભરના દેશો પર નાણાકીય બોજ ચિંતાજનક સ્તરે પહોંચી ગયો છે.

તાજેતરના આંકડા અનુસાર, સમગ્ર વિશ્વ પર કુલ ૩૪,૬૭૫ લાખ કરોડ (આશરે ૪૦ ટ્રિલિયન ડૉલરથી વધુ) નું જંગી દેવું નોંધાયું છે. આ જ ગ્લોબલ દેવાના ટ્રેન્ડ વચ્ચે ભારત પર પણ હાલમાં આશરે ૩૨૩ લાખ કરોડનું સરકારી દેવું છે, જે દેશની અર્થવ્યવસ્થા, જીડીપી (GDP) અને ભાવિ સરકારી ખર્ચ માટે એક અત્યંત મહત્વનો અને ચર્ચાસ્પદ મુદ્દો બની ગયો છે.

### વૈશ્વિક સ્તરે દેવાનો વિસ્ફોટ અને વ્યાજનું ભારે વહન

વિશ્વભરની સરકારો દ્વારા વિકાસલક્ષી કાર્યો, સબસિડી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોગચાળા કે મંદી જેવી સ્થિતિઓમાંથી બહાર નીકળવા માટે લેવામાં આવેલા જંગી કરજ હવે ગળાનો હાર બની રહ્યા છે:

વ્યાજ ચુકવણીનું દબાણ: વધતા વ્યાજદરોને કારણે વિશ્વના અનેક દેશોના બજેટનો મોટો હિસ્સો માત્ર જૂના દેવાનું વ્યાજ ચૂકવવામાં જ વપરાઈ રહ્યો છે.

વિકાસ કાર્યો પર અસર: વ્યાજની ભારે રકમ ચૂકવવી પડતી હોવાથી શિક્ષણ, આરોગ્ય અને સામાજિક કલ્યાણની યોજનાઓ માટે સરકારો પાસે ભંડોળ ઓછું પડી રહ્યું છે.

ભારતની સ્થિતિ: ૩૨૩ લાખ કરોડના સરકારી દેવાની વાસ્તવિકતા

ભારતમાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારી દેવાની રકમમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે:

કેન્દ્ર અને રાજ્યોનું સંયુક્ત દેવું: ભારત પરનું આ આંકડાકીય સરકારી દેવું (જેમાં કેન્દ્ર સરકાર અને તમામ રાજ્યોનું સંયુક્ત દેવું સામેલ છે) દેશના કુલ જીડીપી (GDP) ના આશરે ૮૦ થી ૮૫ ટકા સુધી પહોંચી ગયું છે.

બજેટ અને વ્યાજનો બોજ: કેન્દ્ર સરકારના વાર્ષિક બજેટનો એક સિંહભાગ માત્ર દેવાના વ્યાજની ચુકવણી (Interest Payments) પાછળ ખર્ચાય છે, જે અન્ય વિકાસલક્ષી યોજનાઓ પર દબાણ ઊભું કરે છે.

મૂડીગત ખર્ચ (Capital Expenditure): સરકારનું કહેવું છે કે આ દેવાનો મોટો હિસ્સો દેશમાં હાઈવે, રેલ્વે, એરપોર્ટ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર જેવા મૂડીગત માળખાકીય વિકાસ માટે વાપરવામાં આવી રહ્યો છે, જેથી લાંબા ગાળે આર્થિક વૃદ્ધિ દર ઊંચો જાળવી શકાય.

### અર્થશાસ્ત્રીઓની ચેતવણી અને ભવિષ્યનો પડકાર

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) અને વિશ્વ બેંક સહિતના અર્થશાસ્ત્રીઓ ચેતવણી આપી રહ્યા છે કે જો દેવાના આ વધતા ગ્રાફને સમયસર નિયંત્રિત કરવામાં નહીં આવે, તો આવનારા સમયમાં ફુગાવો (મોંઘવારી) અને કરવેરાનું ભારણ સામાન્ય નાગરિકો પર વધી શકે છે.

ભારત માટે સકારાત્મક બાબત એ છે કે ભારતનું મોટા ભાગનું સરકારી દેવું દેશી ચલણ (રૂપિયા) માં જ છે અને વિદેશી દેવાનું પ્રમાણ સરખામણીમાં સીમિત છે, જેના કારણે શ્રીલંકા કે પાકિસ્તાન જેવા વિદેશી હૂંડિયામણના સંકટનો સામનો કરવો પડતો નથી. પરંતુ તેમ છતાં, ૩૨૩ લાખ કરોડનું દેવું અને તેના પર ચૂકવવામાં આવતું વ્યાજ દેશના આર્થિક ભવિષ્ય માટે મોટો પડકાર છે.

# ગ્લોબલ હંગર ઇન્ડેક્સ 2026નો ચોંકાવનારો રિપોર્ટ: વિશ્વના 122 દેશોમાં ભારત 100મા ક્રમે, નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા કરતાં પણ ભારતની સ્થિતિ કંગાળ



વૈશ્વિક સ્તરેથી ભૂખમરા અને કુપોષણની સ્થિતિ દર્શાવતો અત્યંત ચિંતાજનક અને આંખ ઉઘાડનારો 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૨૬' (Global Hunger Index 2026) નો નવો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ વૈશ્વિક અહેવાલે દેશની ખાદ્ય સુરક્ષા અને બાળ સ્વાસ્થ્યની પોલ ખોલી નાખી છે. કુલ ૧૨૨ દેશોની આ યાદીમાં ભારત ૧૦૦મા ક્રમે ધકેલાઈ ગયું છે. આશ્ચર્યની વાત એ છે કે નાના પાડોશી દેશો જેમ કે નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા પણ ભૂખમરા અને કુપોષણ નાબૂદીમાં ભારત કરતાં ઘણા આગળ નીકળી ગયા છે, જ્યારે માત્ર પાકિસ્તાન જ ભારત કરતાં પાછળ છે.

### ગંભીર કેટેગરીમાં ભારત: 2012થી સ્કોરમાં સુધારો નહીં

જર્મનીની એઈડ એજન્સી 'ડબલ્યુએચએચ' (WHH) અને આયર્લેન્ડની સંસ્થા 'કોન્સર્ન વર્લ્ડવાઈડ' દ્વારા સંયુક્ત રીતે આ વૈશ્વિક ભૂખમરાનો ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ઈન્ટરનેશનલ લો ઓફ પીસ અને સ્વિસ સંસ્થા હેલવેટ્સે પણ યોગદાન આપ્યું છે.

આ રિપોર્ટ મુજબ, ભારતને ભૂખમરાની બાબતમાં ૨૪.૧ ના સ્કોર સાથે 'ગંભીર' (Serious) કેટેગરીમાં રાખવામાં આવ્યું છે. સૌથી શરમજનક બાબત એ છે કે ભારત વર્ષ ૨૦૧૨થી આ સ્કોર કે તેનાથી ખરાબ સ્થિતિમાંથી બહાર આવી શક્યું નથી. ઈન્ડેક્સ તૈયાર કરતી વખતે અલ્પપોષણ, બાળકોમાં ઠીંગણાપણું, દુબળાપણું અને બાળ મૃત્યુદર જેવા મહત્ત્વના ચાર માપદંડોને ધ્યાનમાં લેવામાં આવે છે.

### બાળકોમાં વધતું દુબળાપણું અને કુપોષણના ભયાનક આંકડા

રિપોર્ટમાં ભારતના બાળ સ્વાસ્થ્ય અંગે અત્યંત ડરામણા આંકડા સામે આવ્યા છે:

ભારતની કુલ વસ્તીના ૯.૮ ટકા લોકો અલ્પપોષિત (કુપોષિત) છે.

પાંચ વર્ષથી ઓછી વયના ૨૯.૩ ટકા બાળકો તેમની ઉંમર મુજબ યોગ્ય ઊંચાઈ (ડુંગરાપણું/ઠીંગણાપણું) ધરાવતા નથી.

ભારતમાં પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં દુબળાપણું વધીને ૧૯ ટકા થઈ ગયું છે, જે સમગ્ર દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે! અગાઉ આ ટકાવારી ૧૬.૯ ટકા હતી, જે હવે વધી ગઈ છે.

પાડોશી દેશોની સ્થિતિ ભારત કરતાં સારી

આ રિપોર્ટમાં દક્ષિણ એશિયાના અન્ય દેશોએ ભારત કરતા વધુ સારો દેખાવ કર્યો છે:

નેપાળ: નેપાળનો સ્કોર ૨૦૧૮માં ૧૮.૪ હતો જે સુધરીને ૧.૫ થઈ ગયો છે (એટલે કે ૩.૯ પોઈન્ટનો મોટો ઘટાડો), જ્યારે ભારતનો સ્કોર માત્ર ૧.૭ ટકા જ ઘટ્યો છે.

શ્રીલંકા: શ્રીલંકાનો સ્કોર ૧૧.૪ થી ઘટીને ૧૦.૨ પર પહોંચી ગયો છે.

બાંગ્લાદેશ: બાંગ્લાદેશનો સ્કોર પણ ૨૦ થી ઘટીને ૧૯.૨ રહ્યો છે, અને ત્યાં બાળકોના પોષણમાં ભારત કરતાં વધુ સુધારો દેખાયો છે. માત્ર પાકિસ્તાનની સ્થિતિ ભારત કરતા થોડી ખરાબ છે, જેનો સ્કોર વધીને ૨૫.૫ થયો છે અને તે ૧૨૨ દેશોમાં ૧૦૬મા ક્રમે છે.

### કેન્દ્ર સરકારનો પલટવાર: દાવાઓ ફગાવ્યા

બીજી બાજુ, ઈન્ટરનેશનલ રિપોર્ટ સામે આવતા જ કેન્દ્ર સરકારે આ તમામ દાવાઓને સદંતર ફગાવી દીધા છે. મહિલા અને બાળ વિકાસના રાજ્યકક્ષાના મંત્રી સાવિત્રી ઠાકુરે અગાઉ નિવેદન આપતાં જણાવ્યું હતું કે, 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ ભારતના અંદાજે ૮૦ કરોડ લોકોને સરકાર નિઃશુલ્ક અનાજ પૂરું પાડે છે. દેશમાં કોઈ ભૂખ્યું નથી, તેથી આ ભૂખમરાના દાવાઓ સંપૂર્ણપણે અયોગ્ય અને પાયાવિહોણા છે.' એક તરફ સરકાર અનાજ વિતરણના દાવા કરે છે, તો બીજી તરફ વૈશ્વિક સંસ્થાઓના આંકડા ભારતમાં બાળકોના કુપોષણ અને ગંભીર સ્થિતિની ગવાહી આપે છે.

# સત્તાની અરાજકતા છુપાવવા 'એનાર્કી'નું નવું નાટક: વોટચોરીના મુદ્દે ભીંસમાં આવેલા શાસકો પ્રજાને મૂરખ બનાવવાની ફિરાકમાં, સવાલ પૂછનારાઓને 'અરાજકતાવાદી' ઠેરવવાનું કાવતરું ખુલ્લું પડ્યું!

આ દેશની સત્તા પર બેઠેલો શાસક વર્ગ પોતાની કાળી કરતૂતો અને અરાજકતાને ઢાંકવા માટે હવે એકદમ નીચલા સ્તરના હથકંડા પર ઉતરી આવ્યો છે. પોતાની નાકાબી અને અરાજકતા સામે જ્યારે પ્રજાજનો સવાલો પૂછે છે અને જવાબ માગે છે, ત્યારે આ જ શાસકો તેમને 'અરાજક, અરાજક' કહીને વધુ એક વાર દેશની ભોળી જનતાને મૂરખ બનાવવાની ઘાતકી કોશિશ કરી રહ્યા છે. હવે આ ગુલામીના નેરેટિવમાં મૂરખ બનવું કે પછી સત્યની સાથે ઊભા રહીને પ્રશ્નો પૂછવા, તે તમારે અને આ દેશે નક્કી કરવાનું છે! વોટચોરીના ભયથી ભાગવા માટે રચાયેલું નવું તરકટ: એનાર્કી ચૂંટણીમાં વોટચોરીના એકદમ પાયાના અને ગંભીર મુદ્દાએ જ્યારે સત્તાપક્ષને ચારે બાજુથી ઘેરી લીધો છે, ત્યારે આ અસહાય અને ફસાયેલા શાસકોને આ કાદવમાંથી બહાર નીકળવા માટે એક તદ્દન નવા નેરેટિવની જરૂર હતી. આઝાદી પછીના ઈતિહાસમાં આ સરકારે ક્યારેય કોઈ મૂળભૂત સમસ્યા ઉકેલી નથી, માત્ર ને માત્ર તેના પરથી પ્રજાનું ધ્યાન ભટકાવવાનું જ કામ કર્યું છે. આજે જ્યારે વોટચોરીના કાળા કાંડ પકડાઈ ગયા છે, ત્યારે તેમાંથી ભાગવા માટે તેમણે એક નવું તરકટ ઊભું કર્યું છે- એનાર્કી એટલે કે અરાજકતા! આ શાસકોનો તર્ક એવો છે કે જે નાગરિકો, યુવાનો કે સંગઠનો સરકારના અક્ષમ્ય અને અભૂતપૂર્વ ચૂંટણી ગોટાળા તથા છેતરપિંડી સામે અવાજ ઉઠાવે છે, આંદોલન કરે છે કે સડક પર ઉતરે છે, તે બધા જ 'અરાજકતા ફેલાવનારા' દેશદ્રોહીઓ છે! કારણ કે, આ અવાજો દેશમાં સત્તાપરિવર્તનની વાત કરે છે. ભક્ત મંડળી અને ઠાવકા ઉપદેશકોનો પર્દાફાશ મોદીમંડળી અને તેમના ભાયાતો તો આ બધું કરે જ, કારણ કે તેમની રાજકીય સત્તા અને ખુરશી દાવ પર લાગેલી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જેઓ તટસ્થ હોવાનો દાવો કરે છે તેવા કેટલાક લોકો પણ અરાજકતા અને એનાર્કીની માળા જપવા લાગ્યા છે. આવા લોકો ઠાવકાઈનો મોટો મુખોટો પહેરીને આંદોલનકારીઓને જ્ઞાન આપે છે કે, 'આવું ન કરાય ભાઈ! બંધારણ અને લોકશાહીની લડાઈ તો માત્ર બંધારણના રસ્તે લડાય, અરાજકતા ફેલાવીને નહીં.' વિચારો તો ખરી, વક્રતા (Irony) ની પણ કોઈ સીમા હોય છે! વોટચોરી કરાવવાના મુખ્ય સૂત્રધાર ગણાતા અમિત શાહ બેધડક કહી દે છે કે સત્તા બદલવી હોય તો ચૂંટણીથી બદલવી પડે! --અરે સાહેબ, પણ મોટા ભાઈ, એ જ તો સૌથી મોટો મૂળ મુદ્દો છે! તમે ચૂંટણીઓમાં જ જ્યારે અબજો રૂપિયા અને તંત્રનો દુરુપયોગ કરીને આટલા મોટા પાયે ગોલમાલ કરી નાખો, અને પછી રંગેહાથ પકડાઈ જઈને પ્રજાના સવાલોના ઘેરામાં આવી જાવ, ત્યારે શાસકો આવીને ઉપદેશ આપે છે કે 'જાવ ચૂંટણી લડો!' જે ચૂંટણી પ્રક્રિયા તમે પહેલેથી જ મેનેજ કરીને હથિયાર બનાવી દીધી છે. જે લોકો લોકશાહી અને બંધારણીય માર્ગોની વાત કરે છે, તેમને એ કેમ નથી દેખાતું કે એ તમામ બંધારણીય માર્ગો, તપાસ એજન્સીઓ અને અદાલતો સહિતના મહત્ત્વના માધ્યમો પર આ સરકારે પહેલેથી જ કબજો જમાવી દીધો છે? આવી ગુલામ બનેલી સિસ્ટમ સામે રસ્તા પર ઉતરીને વિરોધ કરવો એ જ હવે નીતાંત લોકશાહી અને નાગરિકોનો આખરી બંધારણીય અધિકાર બચ્યો છે. ખરી અરાજકતા આ રાજે પોતાના સત્તાસિંઘાસન માટે ઊભી કરી છે આ દેશમાં એનાર્કી કે અરાજકતા જો કોઈએ ફેલાવી હોય, તો તે આ શાસકોએ પોતાના રાજકીય રજવાડાને ટકાવવા માટે ફેલાવી છે. તેના પૂરા પુરાવા આ રહ્યા:

૧. મતદારયાદીમાં ગોટાળા: ચૂંટણી જેવી પવિત્ર અને નાની-મોટી પ્રક્રિયામાં આ સરકારે અત્યાર સુધીની સૌથી મોટી અને પાયાની અરાજકતા સર્જી છે. દેશના અલગ-અલગ વિસ્તારોમાં મતદારયાદીઓમાં જ મોટા પાયે ગરબડ અને ચેડાં કરાવવામાં આવ્યા છે.

# પ્રેમ: કેમિકલ લોચો, સોશિયલ મીડિયા ટ્રેન્ડ કે જિંદગીનો અસલી સિક્રેટ મસાલો?

'પ્રેમ' એટલે કે લવ... એક એવો શબ્દ જે સાંભળતા જ દિલના ધબકારા ડબલ સ્પીડે દોડવા લાગે! આજના ડિજિટલ યુગમાં જ્યાં બધું જ વન-ટેપ પર બદલાઈ જાય છે, ત્યાં આ પ્રેમની વ્યાખ્યા પણ થોડી 'અપડેટ' થઈ ગઈ છે. આજે વાત કરવી છે એવા પ્રેમની જે સોશિયલ મીડિયાની દુનિયાથી થોડો અલગ છે અને જેને સમજવો આજના યુવાનો માટે બહુ જરૂરી છે.

ઈન્સ્ટાગ્રામ રીલ્સ વિરુદ્ધ રિયલ લાઈફ લવ

આજે તો પ્રેમની શરૂઆત પણ ઈન્સ્ટાની સ્ટોરી પર રી-શેર કરવાથી કે 'હાર્ટ' ઈમોજી મોકલવાથી થાય છે. કપલ ગોલ્સના નામે સોશિયલ મીડિયા પર પરફેક્ટ ફોટા પોસ્ટ કરવા એ આજનો ટ્રેન્ડ છે. પણ દોસ્તો, અસલી પ્રેમ રીલ્સના ૧૫ સેકન્ડના ગ્લેમર કરતાં ઘણો ઊંડો છે.

સાચો પ્રેમ એ નથી કે જ્યાં રોજ મોંઘી ગિફ્ટ કે કેફેના લાઈટ્સવાળા ફોટા હોય. સાચો પ્રેમ એ છે જ્યાં તમે જેવા છો તેવા સાચા અર્થમાં સ્વીકારાશો. કોઈ દેખાડો નહીં, કોઈ ફિલ્ટર નહીં!

પ્રેમ એટલે ગુલામી નહીં, પણ આઝાદી!

આજના યુવા વર્ગમાં ઘણીવાર પ્રેમ અને પઝેસિવનેસ (અતિશય હક જતાવવો) વચ્ચે લોચો થઈ જાય છે. 'તું કોની સાથે વાત કરે છે?', 'આવા કપડાં કેમ પહેર્યા?', 'તારો પાસવર્ડ મને આપ'–જો આ બધું પ્રેમની વ્યાખ્યામાં આવતું હોય તો અટકી જાવ!

પ્રેમ ક્યારેય કોઈને પાંજરામાં નથી પૂરતો. પ્રેમ તો એ પાંખો છે જે તમને તમારા સપના પૂરા કરવાની આઝાદી આપે છે. જ્યાં એકબીજા પર પૂરો ભરોસો હોય અને એકબીજાની પર્સનલ સ્પેસની ઈજ્જત હોય, એ જ સાચો સંબંધ છે.

સૌથી ઈમ્પોર્ટન્ટ: 'સેલ્ફ લવ' (પોતાની જાતને પ્રેમ કરવો)

બીજાના પ્રેમમાં પડતા પહેલાં પોતાની જાતના પ્રેમમાં પડવું બહુ જરૂરી છે. જો તમે તમારી પોતાની રિસ્પેક્ટ નહીં કરો, તો દુનિયામાં કોઈ તમારી કદર નહીં કરે. તમારા કરિયર, તમારી ફિટનેસ અને તમારા સપનાઓને ક્યારેય કોઈ રિલેશનશિપ માટે કુરબાન ન કરો. જે વ્યક્તિ તમને સાચો પ્રેમ કરશે, તે તમારા સપનાઓની પણ એટલી જ રિસ્પેક્ટ કરશે.

યુવા દિલ માટે એક આખરી વાત:

પ્રેમ એ લાઈફનો એક બહુ સુંદર હિસ્સો છે, આખી લાઈફ નથી. જો કોઈ સંબંધમાં તમને માન-સન્માન ન મળતું હોય, તો ત્યાંથી ગ્રેસફુલી બહાર નીકળી જવામાં જ ભલાઈ છે. લવમાં 'મુવ ઓન' થવું કે રિજેક્શન પચાવવું એ પણ એક મેચ્યોરિટી છે.

દિલ ખોલીને પ્રેમ કરો–પોતાના કામને, પોતાની ફેમિલીને, પોતાના પાર્ટનરને અને સૌથી વધુ પોતાની જાતને!

**- રૂપેશ સોલંકી, ભચાઉ કચ્છ**



### રેન્જ IG વીરેન્દ્ર યાદવ પર 11 કરોડની ખંડણી અને પત્રકારોને ધમકી આપવાનો સણસણતો આક્ષેપ!

# ગાંધીનગરથી દિલ્હી સુધી રાજકીય ભૂકંપ: ખોરજમાં ઠાકોર સમાજની 150 કરોડની જમીન પચાવી પાડવાનું મહાષડયંત્ર

ગાંધીનગર

ગુજરાતની રાજધાની ગાંધીનગર નજીક આવેલા ખોરજ ખાતે ઠાકોર સમાજના એક ગરીબ ખેડૂત પરિવારની અંદાજે ૧૫૦ કરોડની અત્યંત કિંમતી જમીન પચાવી પાડવાના પ્રકરણમાં ખાખી વર્ધી, ભાજપના ઈશારે ચાલતું સ્થાનિક તંત્ર, ભૂમાફિયાઓ અને દલાલોની કાળી મિલીભગતનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર અને જાણીતા એડવોકેટ આનંદ યાજ્ઞિકે એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પર પાયાથી ચોંકાવી દેનારા આરોપો લગાવી સમગ્ર પ્રશાસનમાં ખળભળાટ મચાવી દીધો છે.

### રેન્જ IG વીરેન્દ્ર યાદવે 11 કરોડની ખંડણી માંગી? અડાલજ PIને 70 લાખ ચુકવાયાનો દાવો!

પત્રકાર પરિષદમાં ભોગ બનનાર રવિ ઠાકોરના વીડિયો નિવેદન અને દસ્તાવેજી પુરાવા રજૂ કરતા જીગ્નેશ મેવાણીએ સણસણતો દાવો કર્યો છે કે, ગાંધીનગરના રેન્જ આઈજી (Range IG) વીરેન્દ્ર યાદવે રવિ ઠાકોરને પોતાની કચેરીએ બોલાવીને ૧૫૦ કરોડની જમીનમાં ૧૦ ટકા હિસ્સા પેટે ૧૧ કરોડની કથિત ખંડણી માંગી હતી! આઈજીએ એવી ધમકી આપી હતી કે 'આ રકમ નહીં મળે ત્યાં સુધી તમારું કોઈ કામ આગળ નહીં વધે.' આઈજીના આદેશ બાદ રવિ ઠાકોરે અડાલજ પોલીસ સ્ટેશનના પીઆઈને ૭૦ લાખ ચૂકવ્યા હોવાના નાણાકીય પુરાવા ઉપલબ્ધ હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે.

### મહિલાને ઘેરીને ખોટી ફરિયાદ, રાત્રે અપહરણ અને સોમનાથ-દ્વારકાથી સ્વજનોને ગોંધી રખાયા!

જ્યારે બાકીની રકમનો વહીવટ અટકી ગયો, ત્યારે પોલીસે અને કલોલના જમીન દલાલોએ પીડિત પરિવાર પર અમાનુષી દમન શરૂ કર્યું હતું:

ખોટો વીડિયો અને ફરિયાદ: અડાલજ પોલીસ સ્ટેશનમાં પીઆઈની ચેમ્બરમાં મહિલા પોલીસની ગેરહાજરીમાં કાજલબેન ઠાકોરને ઘેરીને, ધમકી આપીને તેમના પતિ પોપટજી ઠાકોરના કથિત કિડનેપિંગની ખોટી ફરિયાદ



લખાવવા મજબૂર કરાયા હતા. પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરનું નામ સંડોવવા માટે દબાણ કરી વીડિયો પણ બનાવડાવાયો હતો.

સત્યનો ખુલાસો: પત્રકાર પરિષદમાં જ કાજલબેને સ્પષ્ટ કર્યું કે આ તમામ વીડિયો ધાક-ધમકીથી કરાવવામાં આવ્યા હતા, જ્યારે તેમના પતિ પોપટજી ઠાકોરે વીડિયો કોલથી જોડાઈને ખુલાસો કર્યો કે તેમનું કોઈ કિડનેપિંગ થયું નથી, પરંતુ પોલીસ અત્યાચારથી બચવા તેઓ સાવચેતીના ભાગરૂપે સ્વજનોને ત્યાં રોકાયા છે.

ગેરકાયદેસર અટકાયત: LCB પોલીસે રાત્રિના સમયે પરિવારના સભ્યોને ઘરમાંથી ઉઠાવી લીધા હતા અને સોમનાથ-દ્વારકા દર્શને ગયેલા સગા-સંબંધીઓને પણ ગોંધી રાખ્યા હોવાના ગંભીર આક્ષેપો કરાયા છે.

### નેતાઓની રેકી? એડવોકેટની ઓફિસ નીચે કાળા કાચવાળી ગાડીઓ ફરી!

પત્રકાર પરિષદ પૂર્ણ થયાના માંડ એક કલાક બાદ, અમદાવાદના ડ્રાઈવ-ઈન સિનેમા પાસે એડવોકેટ આનંદ યાજ્ઞિકની ઓફિસ નીચે જીગ્નેશ મેવાણી અને જગદીશ ઠાકોરની રેકી કરતી નંબર પ્લેટ વગરની, કાળા કાચવાળી ૪ શંકાસ્પદ ગાડીઓ ફરતી જોવા મળી હતી. આ અંગે જીગ્નેશ મેવાણીએ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી પોલીસ કમિશનર પાસે સુરક્ષાની માંગ કરી છે.

### સિનિયર IPS વિરેન્દ્ર યાદવની પત્રકારોને ખુલ્લી ધમકી: "ખબર ચલાવશો તો ડિફેમેશન કરીશ!"

આવડો મોટો ભૂકંપ સર્જાયા બાદ, પોતાના પર લાગેલા ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સામે યોગ્ય તપાસનો સામનો કરવાને બદલે સિનિયર આઈપીએસ વિરેન્દ્ર યાદવે પત્રકારો સામે ખુલ્લી ધમકી ઉચ્ચારી છે કે, 'જો મારા વિરૂદ્ધ સમાચાર ચલાવશો તો હું બદનક્ષી (Defamation) નો દાવો કરીશ.'

એક ઉચ્ચ હોદ્દા પર બેઠેલા આઈપીએસ અધિકારીના આ પ્રકારના ધમકીભર્યા નિવેદનથી સમગ્ર મામલે મોટી શંકાની ગંધ આવી રહી છે. સવાલો પૂછાઈ રહ્યા છે કે જો કંઈ ખોટું નથી કર્યું તો આટલો બધો ડર અને પત્રકારોને ધમકાવવાની નીતિ કેમ?

### પાક્કો ગુજરાતનો સ્પષ્ટ અવાજ

પત્રકારનો પરમ ધર્મ સમાજ અને પ્રજા સમક્ષ સાચા સમાચાર મૂકવાનો છે. આવી ખાખી કે સત્તાની ધમકીઓથી પાક્કો ગુજરાત કે આ દેશની સ્વતંત્ર પત્રકારિતા ક્યારેય ડરવાની નથી. અમે સત્ય અને સાચા ન્યૂઝ પ્રજા સમક્ષ લાવવાનું ચાલુ જ રાખીશું!

### 26મી ઓક્ટોબરે ગાંધીનગર પોલીસ ભવનનો વિરાટ ઘેરાવ

મુખ્યમંત્રી પાસે સમય માગવા છતાં મુલાકાત ન મળતાં કોંગ્રેસે લડત ઉગ્ર બનાવી છે. વિપક્ષી નેતાઓની મુખ્ય માંગણીઓ છે:

૧. આઈજી વીરેન્દ્ર યાદવ, અડાલજ પીઆઈ અને સ્ટાફ સામે એફઆઈઆર (FIR) નોંધી તાત્કાલિક સસ્પેન્ડ અને ડિસમિસ કરવામાં આવે.

૨. સમગ્ર કૌભાંડની ઉચ્ચ સ્તરીય તટસ્થ તપાસ થાય.

૩. ગરીબ ઠાકોર પરિવારને તેમની ૧૫૦ કરોડની મૂળ જમીનનો હક્ક મળે.

ભાજપ સરકારના ઈશારે ચાલતા પોલીસ દમન, તાનાશાહી અને ભ્રષ્ટાચાર સામે તથા આઈજી સામે ગુનો નોંધાવવા માટે તા. ૨૬મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ગાંધીનગર પોલીસ ભવન ખાતે વિરાટ મોરચો લઈ જઈ આવેદનપત્ર આપવાની સત્તાવાર ઘોષણા કરવામાં આવી છે.

## વડોદરાના વાડી પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતો-ફરતો રીઢો બુટલેગર 'ટેટો' છોટાઉદેપુર LCBના સકંજામાં

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તીયાઝ શેખ દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. આ આદેશના પગલે છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચના



પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એફ. ડામોરના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

તે દરમિયાન બાતમી મળી હતી કે, વડોદરા શહેરના વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલો અને લાંબા સમયથી નાસતો-ફરતો આરોપી છોટાઉદેપુર ટાઉન પેટ્રોલ પંપ ચાર રસ્તા પાસે ઊભો છે. બાતમીના આધારે એલસીબીની ટીમે તાબડતોબ કોર્ડન કરી શંકાસ્પદ ઈસમને ઝડપી લીધો હતો.

પકડાયેલા આરોપીની ઓળખ ધનસિંગભાઈ ઉર્ફે ટેટો સુમલાભાઈ રાઠવા (ઉંમર વર્ષ ૨૮, રહે. ખડકવાડા, ખોસ ફળિયા, તા.જી. છોટાઉદેપુર) તરીકે થઈ છે.

પોલીસ પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, આશરે એકાદ મહિના અગાઉ વડોદરા વાડી પોલીસ મથકે નોંધાયેલા વિદેશી દારૂના કેસમાં તેનું નામ ખુલ્યું હતું.

ત્યારથી જ તે પોલીસ ધરપકડના ડરથી પોતાના ઘરેથી ફરાર હતો. પોલીસે આરોપી વિરુદ્ધ BNSS કલમ ૩૫(૧) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નોંધનીય છે કે ઝડપાયેલો આરોપી ધનસિંગ ઉર્ફે ટેટો અગાઉ પણ છોટાઉદેપુર, વડોદરા ગ્રામ્યના વરણામા તેમજ વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનના પાંચ જેટલા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રીઢો આરોપી છે.

### છોટાઉદેપુરના સુષ્કાલ ખાતે બાપે દીકરાનું ગળું દબાવી પતાવી દીધો

## 8 વર્ષના માસૂમને મોતને ઘાટ ઉતારી હત્યારાનો ગળે બ્લેડ મારી આપઘાતનો પ્રયાસ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ગુજરાતમાં સંતાન માથે તેના મા-બાપ જ કાળ બનીને ત્રાટકી રહ્યા છે. છેલ્લા પંદર દિવસમાં આવા 3 બનાવ બન્યા છે. વાવ-થરાદ અને રાજકોટ બાદ આવો જ એક બનાવ છોટાઉદેપુર જિલ્લામાં બન્યો છે. પાવી જેતપુર તાલુકાના સુસ્કાલ ગામના તેર ફળિયામાં રહેતા એક પિતાએ તેના 8 વર્ષીય માસૂમ પુત્રનું ગળું દબાવીને હત્યા કરી નદીમાં નાખી દીધો હતો. ત્યારબાદ પોતે ગળાના ભાગે બ્લેડ મારી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

સુસ્કાલ ગામના તેર ફળિયામાં રહેતા જયેશભાઈ લાલાભાઈ નાયકા શનિવારે બપોરે 3 વાગ્યાના સુમારે ઓરસંગ નદીના પટમાં બેઠા હતા. દરમિયાન, ગામના આગેવાન અશોકભાઈ નાયકા નદીમાં શાકભાજી કરવા ગયા હતા ત્યારે તેમણે જયેશભાઈને નદીમાં બેઠેલા જોઈને તેની મુલાકાત લીધી હતી. નજીક જઈને જોતા જયેશભાઈના ગળામાંથી લોહી



વહી રહ્યું હતું અને તેમના હાથમાં બ્લેડ હતી.

ઘટનાસ્થળે 108 એમ્બ્યુલન્સ પહોંચ્યા બાદ ઈજાગ્રસ્ત જયેશભાઈને પૂછપરછ કરવામાં આવી ત્યારે તેમણે જણાવ્યું હતું કે, હું ટેન્શનમાં આવી ગયો છું અને મેં મારા 8 વર્ષના છોકરાનું ગળું દબાવીને તેને મોતને ઘાટ ઉતારી પાણીમાં નાખી દીધો છે, મારે પણ હવે જીવવું નથી.

આ વાત સાંભળીને હાજર લોકોએ તાત્કાલિક નદીના પાણીમાં તપાસ કરી હતી અને દોરડાની મદદથી 8 વર્ષીય માસૂમ બાળકના મૃતદેહને બહાર કાઢ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં માસૂમ બાળકનું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતા જ 112 પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બાળકના મૃતદેહનો કબજો મેળવી પાવી જેતપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યો હતો. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા જયેશભાઈને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે જયેશભાઈની પત્ની અંદાજે 4 વર્ષ પહેલાં છૂટાછેડા લઈને જતી રહી હતી. તેને એક પુત્ર અને એક પુત્રી સંતાન હતા. દીકરી જયેશભાઈના માતા-પિતા સાથે કાઠિયાવાડમાં મજૂરી અર્થે રહેતી હતી, જ્યારે પુત્ર પિતા સાથે રહેતો હતો. પત્નીના વિયોગ અને પારિવારિક પરિસ્થિતિના કારણે જયેશભાઈ માનસિક રીતે પડી ભાંગ્યા હતા અને આ ઘાતકી પગલું ભર્યું હતું.આ અંગે પાવી જેતપુર પોલીસે જયેશભાઈ વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## 'માનસ ભારત સ્વસ્તિક યાત્રા'નુ પ્રથમ ચરણ કેદારનાથ ધામે સમાપન



### દુર્ગમ સ્થાને યાત્રાની વ્યવસ્થા કોઈ ચેતના કરે છે:મોરારીબાપુ

ગુપ્તકાશી (તખુભાઈ સાંડસુર દ્વારા)

સમગ્ર દેશના આધ્યાત્મિક જગતમાં જેની વિશેષ નોંધ લેવાઈ છે. તે પૂ.મોરારિબાપુના વ્યાસાસને યોજાયેલી 'માનસ ભારત સ્વસ્તિક યાત્રા' તારીખ 23 ના રોજ ઉતરાખંડના કેદારનાથ ધામના વિરમ પામી.કથાના ક્રમની 985મી કથાનું મંગલાચરણ કન્યાકુમારીથી થયું હતું.આ કથા એટલે વિશિષ્ટ છે કે સ્વસ્તિકના બાર દર્શનને ધ્યાનમાં લઈને બાર સ્થાનો પર કથાનું ગાન થયું.જે કોઈને કોઈ રીતે મહત્વ ધરાવતા હોય.

પૂ.બાપુએ કથાને વિરામ આપતાં આજે જણાવ્યું કે કેદારેશ્વરને પ્રણામ કરીએ છીએ કે જ્યાં શંકરાચાર્યએ સમાધિનો નિર્ણય કર્યો અને તેનું નિર્વાણ થયું. શંકરાચાર્યનું સ્વસ્તિક હિમાલયના ચારધામ છે. દિવ્ય, સેવ્ય ભારતને જોડવાનો પ્રથમ પ્રયાસ શંકરાચાર્યજીએ કર્યો હતો.કન્યાકુમારી આજે કેદારને મળવા આવે છે. જ્યારે કોઈ દુર્ગમસ્થાનો પર યાત્રા જાય છે ત્યારે તેની વ્યવસ્થા કોઈ ચેતના કરી રહી છે તેનો અનુભવ સતત થાય છે.મારી પાસે એક સાખી આવી છે જેનું અવલોકન કરતાં અનુભવ થાય છે કે વર્ષો પહેલા કોઈએ આ કલ્પના કરી હશે.જે આ મુજબ છે' દક્ષિણ ઉત્તર ધામ, પશ્ચિમ પૂર્ણતા ભક્ષા,ભજન સમાધિ અરુ સામ'. ભિક્ષા, ભજન, સમાધિ અને સામવેદ આ નિમ્બાર્કી પરંપરાને લાગુ પડે છે.

## પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાં DRIના સપાટામાં ઝડપાયું કરોડોનું MD ડ્રગ્સ

અમૃતસરથી બાંદ્રા જતી ટ્રેનમાં બાતમીના આધારે ચાલુ ટ્રેને સઘન ચેકિંગ કરી ઝડપી પાડવામાં આવ્યો જથ્થો : કરોડો રૂપિયાના માદક પદાર્થ સાથે પકડાયેલા આરોપીને વડોદરા RPF મથકે લાવી એજન્સીઓ દ્વારા સઘન પૂછપરછ શરૂ



વડોદરા

દેશભરમાં માદક પદાર્થોની હેરાફેરી સામે ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે વડોદરામાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ની ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી સામે આવી છે. અમૃતસરથી મુંબઈના બાંદ્રા તરફ જતી પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાં બાતમીના આધારે ચેકિંગ દરમિયાન MD ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન એક નાઈજીરિયન નાગરિકને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા પદાર્થની બજારકિંમત કરોડો રૂપિયા હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે, જોકે તેની સત્તાવાર કિંમત અને જથ્થાની વિગતો હજુ સ્પષ્ટ થવાની બાકી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પશ્ચિમ એક્સપ્રેસ મારફતે માદક પદાર્થોની હેરાફેરી થવાની બાતમી DRIને મળી હતી. તેના આધારે એજન્સીની ટીમે ટ્રેનમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન શંકાના આધારે એક નાઈજીરિયન નાગરિકની તલાશી લેવામાં આવી હતી, જેમાં તેની પાસેથી MD ડ્રગ્સ હોવાની શંકાવાળો પદાર્થ મળી આવ્યો હતો. ત્યારબાદ અધિકારીઓએ પદાર્થ જપ્ત કરીને વધુ તપાસ શરૂ કરી હતી. કાર્યવાહી બાદ કસ્ટડીમાં લેવામાં આવેલા વ્યક્તિને વધુ તપાસ માટે વડોદરા રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) મથકે લાવવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા પદાર્થની ઓળખ, તેની શુદ્ધતા અને ચોક્કસ જથ્થો નક્કી કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ના નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી હોવાનું જણાવાયું છે. લેબોરેટરીના અહેવાલ બાદ જ પદાર્થની સત્તાવાર ઓળખ અંગે સ્પષ્ટતા થઈ શકશે. આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેને કયા સ્થળે પહોંચાડવાનો હતો તે અંગે હજુ સત્તાવાર વિગતો જાહેર થઈ નથી. તપાસ એજન્સીઓ આરોપીની પૂછપરછ દ્વારા સપ્લાય ચેઈન, સંભવિત સાથીદારો અને હેરાફેરી સાથે સંકળાયેલી અન્ય કડીઓ શોધવાનો પ્રયાસ કરી રહી છે. ટ્રેન માર્ગે માદક પદાર્થોની હેરાફેરી પાછળ આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય નેટવર્ક સંકળાયેલું છે કે નહીં તે પણ તપાસનો વિષય છે. જોકે, તપાસ પૂર્ણ થાય અને સત્તાવાર વિગતો સામે આવે ત્યાં સુધી આ અંગે અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય તેમ નથી.

## ગાંધીધામમાં યુવતીનો અશ્લીલ વિડિયો બનાવી બળાત્કાર ગુજારનારા બે નરાધમોને દબોચતી એ-ડિવિઝન પોલીસ



ભચાઉ, રૂપેશ સોલંકી

ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકની હદમાં બનેલા દુષ્કર્મના ગંભીર ગુનામાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને બે આરોપીઓને દબોચી લીધા છે. ભોગ બનનાર યુવતીનો અશ્લીલ વિડિયો ઉતારી, તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ લગ્નની લાલચ આપી બળાત્કાર ગુજારવાના આ ચકચારી કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે.

પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર તથા ડીવાયએસપી મુકેશ ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ, પીઆઈ એમ. જે. રાઠોડ અને સર્વેલન્સ સ્ટાફે ટેકનિકલ સોર્સ તથા બાતમીદારોની મદદથી ગોવિંદ રામુભાઈ કુંવરિયા અને પ્રવીણભાઈ જયંતીભાઈ દેવીપૂજક નામના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

### સુરતના વેસુમાં દર્દનાક અકસ્માત

## રમતા-રમતા અઢી વર્ષના માસૂમ આર્યન પર ફરી વળ્યું કારનું ટાયર

મહિલા કારચાલકે અકસ્માત સર્જ્યા બાદ ભાગવાનો કર્યો પ્રયાસ, સ્થાનિક લોકોએ ઝડપી પાડી પોલીસને સોંપી : શ્રમિક પરિવારનો એકમાત્ર સહારો છીનવાઈ જતાં ગામ અને વિસ્તારમાં શોકનું મોજું

સુરત

શહેરના પોશ વિસ્તાર વેસુમાંથી એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. અહીં ઘરની આસપાસ રમી રહેલા અઢી વર્ષના માસૂમ બાળક આર્યનને એક મહિલા કારચાલકે અડફેટે લેતાં તેનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે. જે ઘરમાં બાળકની કિલકારીઓ ગુંજતી હતી ત્યાં શોક અને આક્રંદનો માહોલ છવાઈ ગયો છે. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા અને સમગ્ર વિસ્તારમાં ગમગીની ફેલાઈ હતી.

મળતી માહિતી મુજબ, આર્યન મૂળ શ્રમિક પરિવારનો અઢી વર્ષનો બાળક હતો. તે પોતાના ઘરની આસપાસ રમી રહ્યો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થતી એક કારની અડફેટે બાળક આવી ગયું હતું. પ્રાથમિક વિગતો મુજબ, કારનાં પૈડાં બાળક પરથી ફરી વળતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જોકે, અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને તે સમયે કારની ગતિ કેટલી હતી તે અંગે



પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટતા થશે.

અકસ્મત સર્જાતાં જ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. બાળકને ગંભીર ઈજાઓ સાથે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું હતું. પરિવારજનોને આશા હતી કે સારવારથી બાળકનો જીવ બચી જશે, પરંતુ હોસ્પિટલમાં તબીબોએ તપાસ કર્યા બાદ તેને મૃત જાહેર કર્યો હતો. આ સમાચાર મળતાં જ પરિવારજનો પર જાણે આભ તૂટી પડ્યું હતું. માસૂમ બાળકને ગુમાવવાના આઘાતથી પરિવારના સભ્યો શોકમાં ગરકાવ થઈ ગયા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત બાદ મહિલા કારચાલકે ઘટનાસ્થળેથી નીકળી જવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ છે. જોકે, ત્યાં હાજર સ્થાનિક લોકોએ તેને અટકાવી હતી અને ત્યારબાદ પોલીસને જાણ કરી હતી. સ્થાનિકોએ મહિલા કારચાલકને પોલીસને સોંપી હતી. આ ઘટનાને પગલે લોકોમાં રોષ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં વેસુ પોલીસની ટીમ ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને મહિલા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારોમાં લાગેલા CCTV કેમેરાનાં ફૂટેજ મેળવવાની તેમજ ઘટનાસ્થળે હાજર લોકોનાં નિવેદનો નોંધવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. હવે અકસ્માત કેવી રીતે સર્જાયો, કારચાલકની ભૂમિકા શું હતી અને ઘટનાની જવાબદારી કોની બને છે તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવશે.



### બે મોટા પ્રોજેક્ટ બંધ થયા તો એક્ટિંગ છોડવાનું મન બનાવી લીધું

# વામિકા ગબ્બીને લીડ રોલ મેળવવા પાપડ વણવા પડ્યાં

મુંબઈ

એક સમય હતો જ્યારે વામિકા ગબ્બીને લાગતું હતું કે કદાચ તે એક્ટિંગ માટે બની જ નથી. સતત નકાર મળતો હતો અને સારા રોલ પણ મળતા નહોતા. મુંબઈમાં લગભગ 6-7 વર્ષ વિતાવ્યા પછી પણ તેની કારકિર્દી તે મુકામ સુધી પહોંચી નહોતી, જેનું તેણે સપનું જોયું હતું.

એક ફિલ્મની શૂટિંગ દરમિયાન તેને કહેવામાં આવ્યું કે, 'પોતાની કળા પર કામ કર, કારણ કે તને કોઈ હિરોઈન તરીકે કાસ્ટ નહીં કરે.' આ દરમિયાન OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સની બે સિરીઝ- 'બાહુબલી: બિફોર ધ બિગિનિંગ' અને 'મિડનાઈટ્સ ચિલ્ડ્રન'- સાથે જોડાવાની તક મળી, પરંતુ બંને પ્રોજેક્ટ પડદા સુધી પહોંચી શક્યા નહીં. જોકે, એક અધૂરી સિરીઝે તેની કારકિર્દીની દિશા બદલી નાખી.

વિશાલ ભારદ્વાજના વર્કશોપે તેને એક્ટિંગનો નવો દૃષ્ટિકોણ આપ્યો, જ્યારે વિક્રમાદિત્ય મોટવાણીની 'જુબિલી'થી તેને હિન્દી દર્શકોમાં ઓળખ મળી. આજે વામિકા મોટા સ્ટાર્સ સાથે ફિલ્મો અને ઓટીટી પ્રોજેક્ટ્સમાં જોવા મળી રહી છે. વામિકા ગબ્બીનો જન્મ 29 સપ્ટેમ્બર 1993ના રોજ ચંદીગઢમાં થયો હતો. તેના પિતા ગોવર્ધન ગબ્બી પંજાબી લેખક છે. સાહિત્ય અને કળાના વાતાવરણમાં ઉછરેલી વામિકાને બાળપણથી જ એક્ટિંગમાં રસ હતો. તેના પિતા મજાકમાં તેને નાટકબાજ કહેતા હતા.

2007માં રિલીઝ થયેલી ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'જબ વી મેટ' વામિકાની કરિયરની શરૂઆતની ફિલ્મોમાં સામેલ હતી. ફિલ્મમાં શાહિદ કપૂર અને કરીના કપૂર મુખ્ય ભૂમિકામાં હતાં. વામિકાએ કરીનાના પાત્ર ગીતની કઝિનનો નાનકડો રોલ ભજવ્યો હતો.

'સિનેમા એક્સપ્રેસ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં વામિકાએ જણાવ્યું હતું કે, 'જબ વી મેટ'ના શૂટિંગ દરમિયાન તે આઠમા ધોરણમાં હતી. ફિલ્મના ડિરેક્ટર ઈમ્તિયાઝ અલી આજે પણ તેને 'છોટી વાલી' કહીને બોલાવે છે. તેણે જણાવ્યું કે ઈમ્તિયાઝે 'જુબિલી' જોયા બાદ તેની એક્ટિંગના વખાણ કર્યા, તો તે તેના માટે અત્યંત ખાસ ક્ષણ હતી.

પહેલી ફિલ્મમાં નાની ભૂમિકા મળ્યા બાદ વામિકાએ એક્ટિંગ ચાલુ રાખી. તે 'લવ આજ કલ' (2009), 'મૌસમ' (2011) અને 'બિટ્ટુ બોસ' (2012)માં જોવા મળી.

**નાની ઉંમરે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પગ મૂકનાર કોઈપણ કલાકાર માટે ભવિષ્યને લઈને આવી ટિપ્પણી સાંભળવી સરળ નથી હોતી**

# સલમાનની 'માતૃભૂમિ'ને રક્ષા મંત્રાલયની મંજૂરી નહીં

### બીજી સ્ક્રીનિંગ બાદ પણ NOC ન મળ્યું, સેન્સર સર્ટિફિકેટ અને રિલીઝ ડેટ પર સસ્પેન્સ યથાવત

મુંબઈ

સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ: મે વૉર રેસ્ટ ઈન પીસ'ની રિલીઝ પર સંકટ યથાવત્ છે. ઑક્ટોબરની શરૂઆતમાં રક્ષા મંત્રાલય માટે ફિલ્મનું બીજી વખત સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ હજુ સુધી નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) મળ્યું નથી. તેના વિના નિર્માતાઓ સેન્સર બોર્ડ પાસેથી પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા આગળ વધારી શકતા નથી. ફિલ્મની રિલીઝ ડેટને લઈને પણ અસમંજસ યથાવત્ છે. ફિલ્મ અગાઉ 'બેટલ ઑફ ગલવાન' નામથી બનાવવામાં આવી રહી હતી. તેની વાર્તા 2020માં ગલવાન ઘાટીમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલા સંઘર્ષ પર આધારિત છે. અહેવાલ મુજબ, રક્ષા મંત્રાલયના સૂચનો બાદ ફિલ્મના કેટલાક ભાગોનું ફરીથી શૂટિંગ કરવામાં આવ્યું અને સુધારેલા સંસ્કરણ (વર્ઝન)નું સ્ક્રીનિંગ કરાવવામાં આવ્યું. તેમ છતાં અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે. મિડ-ડેના અહેવાલ મુજબ, પ્રથમ સ્ક્રીનિંગમાં સંરક્ષણ મંત્રાલયે કેટલાક ફેરફારો સૂચવ્યા હતા. ત્યાર બાદ ફિલ્મની ટીમે સૂચનોના આધારે કેટલાક દૃશ્યોનું ફરીથી શૂટિંગ કર્યું અને વાર્તાની રજૂઆતમાં પણ ફેરફારો કર્યા. ઓક્ટોબરની શરૂઆતમાં ફિલ્મનું સુધારેલું સંસ્કરણ મંત્રાલય સમક્ષ રજૂ કરવામાં આવ્યું. આ સ્ક્રીનિંગમાં સલમાન ખાન, ડિરેક્ટર અપૂર્વ લાખિયા અને તેમની ટીમ સામેલ હતી. જોકે, બીજી સ્ક્રીનિંગ બાદ પણ નિર્માતાઓને મંત્રાલયની અંતિમ મંજૂરી મળી નથી. આ ઘટનાક્રમથી ફિલ્મની રિલીઝ યોજના પ્રભાવિત થઈ શકે છે. નિર્માતાઓ માટે હાલ જરૂરી છે કે સંરક્ષણ મંત્રાલય પાસેથી NOC મળી જાય, જેથી આગળની ઔપચારિકતાઓ પૂર્ણ થઈ શકે.



# નસીરુદ્દીન શાહે ભાજપને અપશબ્દો કહ્યા, વીડિયો શેર કરી બળાપો કાઢ્યો

### બંગાળમાં વિદ્યાર્થીઓને ધમકાવવાનો અને હોસ્ટેલ ખાલી કરાવવાનો આરોપ

મુંબઈ

નસીરુદ્દીન શાહે શનિવારે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો શેર કર્યો. એક્ટરે ભાજપ વિરુદ્ધ અપશબ્દો બોલીને આરોપ લગાવ્યો કે, પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં જીત્યા બાદ ભાજપ એવા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરી રહી છે, જેઓ તેની વિચારધારા અને નીતિઓ સાથે સંમત નથી. તેમણે સત્યજિત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓનો મુદ્દો પણ ઉઠાવ્યો.

શાહે વીડિયોમાં કહ્યું કે, 'સંસ્થાના વિદ્યાર્થીઓ વહીવટીતંત્ર પાસેથી જવાબ માગી રહ્યા હતા. તેના બદલે તેમને કારણદર્શક નોટિસ આપવામાં આવી, તેમની દેખરેખ રાખવામાં આવી અને ધમકીઓ આપવામાં આવી.' તેમણે એમ પણ કહ્યું કે, 'વિદ્યાર્થીઓને હોસ્ટેલ ખાલી કરવા માટે કહેવામાં આવ્યું છે.' એક્ટરે ભાજપ પર આરોપ લગાવ્યો કે, તે પોતાના પક્ષમાં પ્રચારને પ્રોત્સાહન આપી રહી છે અને અસહમત લોકોને ડરાવવાનો અથવા તેમની વિચારસરણી બદલવાનો પ્રયાસ કરી રહી છે. વાસ્તવમાં, કોલકાતાની સત્યજિત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ (SRFTI)ના વિદ્યાર્થીઓ 25 દિવસથી ધરણાં પર બેઠા છે. તેઓ કેમ્પસમાં થયેલી કથિત હિંસા, સુરક્ષાનો અભાવ અને પ્રશાસનની કાર્યવાહીનો વિરોધ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓએ ક્લાસિસનો પણ બહિષ્કાર કર્યો છે. આ વિરોધ 27 સપ્ટેમ્બરે એક કાર્યક્રમ દરમિયાન થયેલી કથિત અથડામણ બાદ શરૂ થયો હતો. વિદ્યાર્થીઓ કેમ્પસમાં સુરક્ષા વધારવાની, હિંસા માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની અને તેમની વિરુદ્ધ જારી કરાયેલી નોટિસો પાછી ખેંચવાની માગ કરી રહ્યા છે. તેઓ સંસ્થાના કુલપતિ સંતોષ અજમેરાના રાજીનામાની પણ માગણી કરી રહ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, તેમને જરૂરી સુવિધાઓ ન આપવી ખોટું છે. તે જ સમયે, સંસ્થાને 16 ઑક્ટોબરે નોટિસ જારી કરીને 13 નવેમ્બર સુધી અભ્યાસ અટકાવી દીધો હતો.





# મુંબઈ છોડી ગોવામાં વસી ગઈ આ બોલીવૂડ એક્ટ્રેસ સમીરા રેડ્ડી

### હાલમાં જ સમીરાએ પોતાની હોમ ટૂરના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો

મુંબઈ

બોલીવૂડમાં પોતાની બોલ્ડ અને ગ્લેમરસ અદાઓથી જાણીતી બનેલી એક્ટ્રેસ સમીરા રેડ્ડી છેલ્લાં પાંચ વર્ષથી મુંબઈની ભાગદોડ અને ઝગમગાટ ભરેલી દુનિયાને અલવિદા કહી પોતાના પરિવાર સાથે ગોવાના શાંત અને પ્રકૃતિથી ભરપૂર વાતાવરણમાં વસી ગઈ છે. મુંબઈ છોડ્યા પછી સમીરાએ માત્ર શહેર જ નથી બદલ્યું, પરંતુ પોતાની સંપૂર્ણ જીવનશૈલી પણ બદલી નાખી છે અને હાલમાં જ સમીરાએ પોતાની હોમ ટૂરના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હત સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં વીડિયોમાં તાજેતરમાં પીઢ એક્ટ્રેસ અર્ચના પૂરણ સિંહ પોતાના પરિવાર સાથે સમીરાના ગોવા સ્થિત ઘરે પહોંચ્યા હતા, જ્યાં સમીરાએ પોતાના 4000 સ્ક્વેર ફીટમાં ફેલાયેલા આલીશાન વિલા અને હરિયાળા બગીચાનો ખાસ 'હોમ ટૂર' કરાવ્યો હતો. સમીરાએ અર્ચના પૂરણ સિંહ સાથેની વાતચીતમાં ખુલાસો કર્યો હતો કે તે શરૂઆતમાં માત્ર 10 દિવસના વેકેશન માટે ગોવા આવી હતી. પરંતુ અહીંની કુદરતી સુંદરતા અને શાંતિએ તેનું દિલ જીતી લીધું અને તેણે મુંબઈ ક્યારેય પાછા ન ફરવાનો અને ગોવામાં જ સ્થાયી થવાનો નિર્ણય કરી લીધો. સમીરાનું ઘર ઊંચા તાડ, વાંસ, લીમડો, ચીકુ, નારિયેળ, કાજુ અને એવોકાડો જેવા અસંખ્ય દેશી અને ટ્રોપિકલ વૃક્ષોથી ઘેરાયેલું છે. અભિનેત્રી પોતાના આ વિશાળ બગીચામાં ઊગતાં તાજાં ફળો અને શાકભાજીનો ઘરના વપરાશમાં નિયમિત ઉપયોગ કરે છે. આટલી મોટી અને શાંત પ્રોપર્ટીમાં રહેવાનો શરૂઆતનો અનુભવ સમીરા માટે સહેલો નહોતો. સમીરા હંમેશાં મુંબઈ જેવા ધમધમતા શહેરમાં રહી હોવાથી શરૂઆતમાં આસપાસ કોઈ વસ્તી કે દુકાનો ન હોવાથી મુશ્કેલી પડી હતી. 4000 ચોરસ ફૂટના આ બંગલામાં શિફ્ટ થયાના બીજા જ દિવસે ઘરમાંથી અચાનક એક મોટો સાપ નીકળ્યો હતો, જેને જોઈને આખો પરિવાર ભારે ડરી ગયો હતો.

# રજનીકાંતની Jailer 2ની બોક્સ ઓફિસ પર ધૂમ, વર્લ્ડવાઇડ કલેક્શન ₹628 કરોડને પાર...

મુંબઈ

સાઉથના સુપરસ્ટાર રજનીકાંતની નવી ફિલ્મ 'જેલર-2' રિલીઝ થયા બાદ જોરશોરથી ચર્ચામાં રહી છે. સોશિયલ મીડિયા પર ફિલ્મને લઈને અનેક પ્રકારની વાતો થઈ રહી છે. એક રીતે કહીએ તો ફિલ્મે દબદબો ઊભો કર્યો છે. એકપછી એક રેકોર્ડ બનાવી રહી છે ફિલ્મ. ફિલ્મ વર્લ્ડવાઈડ ધોરણે પણ દમદાર કમાણી કરી રહી છે. 'જેલર-2' રિલીઝ થઈ તેને 10 દિવસ થયા, આ દરમિયાન ફિલ્મને માઉથ ટુ માઉથ માર્કેટનો મોટો ફાયદો મળ્યો છે. રિપોર્ટ જણાવ્યા અનુસાર, 'જેલર 2' (Jailer 2) બોક્સ ઓફિસ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. 10 દિવસ પછી, ભારતમાં તેની નેટ કમાણી 350 કરોડના આંકડાને વટાવી ગઈ છે. ફિલ્મે તેના પ્રારંભિક દિવસે 59.70 કરોડની કમાણી કરી હતી અને માત્ર પ્રથમ સપ્તાહના અંતમાં જ 150 કરોડનો આંકડો પાર કરી લીધો હતો. પ્રથમ સપ્તાહમાં ફિલ્મે 334.35 કરોડનો વેપાર નોંધાવ્યો હતો. ફિલ્મે તેના 9મા દિવસે 14.50 કરોડની કમાણી કરી હતી. રાત્રે 8:30 વાગ્યા સુધીમાં, 10મા દિવસે ફિલ્મની કમાણી 14.36 કરોડ રહી હતી. પરિણામે, ભારતમાં તેની કુલ નેટ કમાણી 363.21 કરોડ સુધી પહોંચી ગઈ છે. 'જેલર 2'નો પ્રભાવ માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં જોવા મળી રહ્યો છે. તેના 10મા દિવસના અંત સુધીમાં, આ ફિલ્મે 650 કરોડનો આંકડો વટાવી લીધો છે. 'સેકનિલ્ક' અનુસાર ફિલ્મે તેના પ્રથમ 9 દિવસમાં જ વૈશ્વિક સ્તરે 628.05 કરોડની કમાણી કરી લીધી હતી, જેમાં વિદેશી કમાણી 219.50 કરોડ રહી હતી. 10મા દિવસના અંતિમ આંકડા રાત્રે 10:30 વાગ્યા સુધીમાં ઉપલબ્ધ થવાની અપેક્ષા છે. 'જેલર 2'એ રજનીકાંતની કારકિર્દીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે.



### 300મી T20I મેચમાં ભારતે 200મી જીત નોંધાવી વિશ્વ રેકોર્ડ બનાવ્યો

# ટીમ ઈન્ડિયાએ T20માં રચ્યો ઈતિહાસ, પાક.-ઓસ્ટ્રેલિયા ઘણા પાછળ

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમે ક્રાઈસ્ટચર્ચમાં ન્યૂઝીલેન્ડ સામે 4 વિકેટે રોમાંચક જીત મેળવી T20Iમાં ઈતિહાસ રચ્યો. 300મી T20I મેચમાં ભારતે 200મી જીત નોંધાવી વિશ્વ રેકોર્ડ બનાવ્યો. 181 રનના લક્ષ્યાંકનો પીછો કરતા 70 રનમાં 5 વિકેટ ગુમાવી હતી. તિલક વર્મા (અણનમ 51) અને નીતીશ કુમાર રેડ્ડી (અણનમ 26)ની શાનદાર ભાગીદારીથી ભારતે મેચ જીતી.

ભારતીય ક્રિકેટ ટીમે ન્યૂઝીલેન્ડ સામેની T20 સીરિઝના બીજા મુકાબલામાં 4 વિકેટથી રોમાંચક જીત નોંધાવીને એક નવો જ ઈતિહાસ રચી દીધો છે. શનિવાર (24 ઓક્ટોબર)ના રોજ ક્રાઈસ્ટચર્ચના હેગલે ઓવલ મેદાનમાં રમાયેલો આ મુકાબલો ભારતીય ટીમ માટે ખૂબ જ ખાસ અને ઐતિહાસિક રહ્યો હતો. આ મેચની સાથે જ ભારત મેન્સ T20 ઈન્ટરનેશનલમાં 300 મુકાબલા રમનારી વિશ્વની બીજી ટીમ બની



ગઈ છે. એટલું જ નહીં, ટીમ ઈન્ડિયાએ મેન્સ T20 ઈન્ટરનેશનલમાં પોતાની 200મી જીત પણ નોંધાવી છે, જે પોતાનામાં એક વર્લ્ડ રેકોર્ડ છે. 181 રનના પડકારજનક લક્ષ્યાંકનો પીછો કરતાં ભારતીય ટીમ એક સમયે માત્ર 70 રનના સ્કોર પર પોતાની 5 વિકેટ ગુમાવીને ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. પરંતુ આવા નાજુક સમયે તિલક વર્મા અને નીતીશ કુમાર રેડ્ડીએ દબાણમાં શાનદાર બેટિંગ કરીને આખી મેચનું પાસું જ પલટી નાખ્યું હતું. બંને ખેલાડીઓએ 7મી વિકેટ માટે માત્ર 30 બોલમાં 69 રનની અણનમ ભાગીદારી નોંધાવી હતી અને ભારતને 19.5 ઓવરમાં 181/6ના સ્કોર સુધી પહોંચાડીને યાદગાર જીત અપાવી હતી. મેન્સ T20 ઈન્ટરનેશનલ ક્રિકેટના આંકડાઓ પર નજર કરીએ તો ભારતીય ટીમનો કોઈ જવાબ નથી. વર્ષ 2006થી 2026 દરમિયાન ભારતના પ્રદર્શન અને વિશ્વની અન્ય ટીમોના રેકોર્ડ્સની સ્થિતિ નીચે મુજબ છે: ભારતીય ટીમે અત્યાર સુધીમાં કુલ 300 મેન્સ T20 ઈન્ટરનેશનલ મેચ રમી છે, જેમાંથી તેણે રેકોર્ડ 200 મેચોમાં જીત મેળવી છે, જ્યારે 83 મુકાબલામાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. આ ઉપરાંત 7 મુકાબલા ટાઈ રહ્યા છે અને 10 મેચોનું કોઈ પરિણામ આવ્યું નથી.

## પીવી સિંધુ ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં પહોંચી

પેરિસ

ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં પહોંચી ગઈ છે. તેણે શનિવારે રમાયેલી સેમિફાઈનલ મેચમાં જાપાનની હિના અકીચીને હરાવી હતી.

31 વર્ષની સિંધુએ વર્લ્ડ નંબર-22 અકીચીને 21-10, 20-22, 21-16થી માત આપી. આ મુકાબલો એક કલાક અને 13 મિનિટ ચાલ્યો. ફાઈનલમાં સિંધુનો સામનો કોરિયાની વર્લ્ડ નંબર-1 એન સેયંગ સાથે થશે. સિંધુએ આ પહેલાં જુલાઈમાં જાપાન ઓપનનો ખિતાબ જીત્યો હતો. પહેલી ગેમમાં મુકાબલો 4-4 અને 8-8ની બરાબરી સુધી પહોંચ્યો. ઈન્ટરવલ સુધી સિંધુએ 11-9ની લીડ મેળવી લીધી હતી.

આ પછી સિંધુએ રફ્તાર વધારી અને છેલ્લાં 12માંથી 11 પોઈન્ટ જીત્યા. તેણે 18 મિનિટમાં પ્રથમ ગેમ 21-10થી પોતાના નામે કરી.

અકીચીએ બીજી ગેમ જીતી

બીજી ગેમમાં ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન સિંધુ ચાર પોઈન્ટથી પાછળ ચાલી રહી હતી. તેમણે રફ્તાર વધારીને સ્કોર 7-7થી બરાબર કરી દીધો. બંને ખેલાડીઓ 10-10 સુધી બરાબરી પર રહી, ત્યાર બાદ અકીચીએ લીડ મેળવી લીધી.

વર્લ્ડ નંબર-11 સિંધુએ 14-14 પર વાપસી કરી. અકીચીએ ફરી કમબેક કરી અને ગેમ પોઈન્ટ મેળવી લીધો. અકીચીએ બીજી ગેમ 22-20થી જીતી લીધી.

ત્રીજી ગેમમાં સિંધુનું વર્ચસ્વ ત્રીજી ગેમમાં સિંધુએ 5-3ની લીડ સાથે શરૂઆત કરી. અકીચીએ કમબેક કરીને 6-5ની લીડ મેળવી લીધી. સિંધુએ ફરી કમબેક કરી અને ઈન્ટરવલ સુધી બે પોઈન્ટની લીડ મેળવી લીધી.

**સીએસકેના પ્રદર્શન અને સંઘર્ષ પર ખુલાસો**

## ધોનીએ IPL માં ભવિષ્ય અંગે મૌન તોડ્યું, કહ્યું - હું વિન્ટેજ ગાડી જેવો, ડિસેમ્બરમાં નિર્ણય લઈશ

મુંબઈ

ભારતના પૂર્વ કેપ્ટન એમ. એસ. ધોનીએ બેંગલુરુમાં IPL 2027માં રમવા અંગે મૌન તોડ્યું છે. 45 વર્ષીય ધોનીએ હેલ્થકેર ઈવેન્ટમાં હસતાં-હસતાં કહ્યું કે, ડૉક્ટરોએ તેમને ફિટ રાખવા પડશે, નહીં તો આ 'જૂની વિન્ટેજ ગાડી' રસ્તા પર નહીં ચાલે.

તેઓ ડિસેમ્બર પહેલાં ફિટનેસ જોઈને નિર્ણય લેશે. ધોનીએ CSKના સંઘર્ષ અને RCBના પ્રદર્શનની પણ પ્રશંસા કરી. ભારતના પૂર્વ કેપ્ટન એમ.એસ. ધોનીએ આઈપીએલ (IPL) માં પોતાની રમત ચાલુ રાખવા અંગે ચાલી રહેલી



અટકળો પર મૌન તોડ્યું છે. બેંગલુરુમાં આયોજિત એક હેલ્થકેર ઈવેન્ટ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ આગામી આઈપીએલ સિઝનમાં પણ રમતા જોવા મળશે કે કેમ, ત્યારે ધોનીએ હસતાં-હસતાં વિન્ટેજ કારનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે મજાકમાં કહ્યું, 'ડૉક્ટર, મારે ટેસ્ટમાંથી પસાર થવું પડશે.. તમારે મને રિપોર્ટ આપવો પડશે, અને પછી ડિસેમ્બર પહેલાં મારે જોવું પડશે કે હું વધુ એક સિઝન રમવા માટે કેટલો ફિટ છું. તેમણે ઉમેર્યું કે જો તેઓ ફિટ નહીં રહી શકે તો ડોક્ટરોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે આ 'જૂની વિન્ટેજ ગાડી' રસ્તા પર સારી રીતે દોડતી રહે, જેથી તમામ દબાણ ડોક્ટરો પર જ રહે. ઉલ્લેખનીય છે કે 45 વર્ષીય ધોની ફિટનેસ સમસ્યાઓના કારણે આઈપીએલની પૂરી સિઝન રમી શક્યા ન હતા, અને હવે તેઓ આગામી મહિને એટલે કે ડિસેમ્બર પહેલા પોતાના ભવિષ્ય અંગે અંતિમ નિર્ણય લેશે.

## વૈભવ ફ્લોપ જતાં ગંભીર-અય્યર પર ભડક્યો દિગ્ગજ ક્રિકેટર

### વૈભવ સૂર્યવંશી 'હિટ' કે 'મિસ'? પાણી વિનાની માછલી જેવી થઈ હાલત

નાગોયા

ન્યૂઝીલેન્ડ સામેની T20 મેચમાં 15 વર્ષના વૈભવ સૂર્યવંશીને ઓપનિંગને બદલે નંબર-3 પર બેટિંગ માટે ઉતારવામાં આવતા તેણે 8 બોલમાં માત્ર 4 રન બનાવ્યા. પૂર્વ સ્પિનર અશ્વિને આ નિર્ણય પર સવાલ ઉઠાવતા કહ્યું કે, વૈભવ માટે નંબર-3 પર રમવું મુશ્કેલ છે, તે પાણી વગરની માછલી જેવો લાગતો હતો. તેણે ગંભીર અને અય્યરના નિર્ણય પર પણ સવાલ ઉઠાવ્યા હતા. ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટી20 મેચમાં યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં રમવાની તક મળી હતી, પરંતુ તેને ઓપનિંગને બદલે નંબર-3 પર બેટિંગ કરવા માટે ઉતારવામાં





આવ્યો હતો. 15 વર્ષના આ યુવા ખેલાડીએ મેચમાં 8 બોલનો સામનો કરીને માત્ર 4 રન બનાવ્યા હતા. વૈભવના આ પ્રદર્શન અને તેની બદલાયેલી બેટિંગ પોઝિશનને લઈને પૂર્વ ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિને મોટું નિવેદન આપ્યું છે. અશ્વિને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે નંબર-3 પર બેટિંગ કરવી એ વૈભવના બસની વાત નથી. વૈભવ સૂર્યવંશીએ અત્યાર સુધીની પોતાની નાની T20 કારકિર્દીમાં માત્ર ઓપનિંગ જ કરી છે. આવી સ્થિતિમાં તેને અચાનક નંબર-3 પર મોકલવાનો નિર્ણય કોઈના ગળે ઉતરી રહ્યો નથી. કેપ્ટન શ્રેયસ અય્યર અને હેડ કોચ ગૌતમ ગંભીરની જોડી એ બાબતે સ્પષ્ટ હતી કે તેઓ પોતાની વર્લ્ડ કપ વિનિંગ ઓપનિંગ જોડીમાં કોઈ ફેરફાર કરવા માંગતા નથી, અને આ જ કારણસર વૈભવ છેલ્લા કેટલાક સમયથી બેન્ચ પર બેસી રહ્યો હતો. પરંતુ જ્યારે ઈશાન કિશન ઈજાગ્રસ્ત થતાં વૈભવને ટીમમાં તક મળી, ત્યારે પણ ટીમ મેનેજમેન્ટ પોતાની જિદ પર અડગ રહ્યું હતું.



### 60 દિવસના પગાર જેટલી રકમ મળશે

# રિઝર્વ બેંકના લિક્વિડિટી અંગેના મિશ્ર સંકેતોથી ભીંસમાં મૂકાયેલી બેંકો

મુંબઈ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લિક્વિડિટી (પ્રવાહિતા) બાબતે લેવાઈ રહેલા વિરોધાભાસી પગલાંને કારણે બેંકો વધતા ફંડિંગ ખર્ચનો સામનો કરી રહી છે, જ્યારે કેન્દ્રીય બેંક ઓવરનાઈટ મની માર્કેટમાં તંગી ટાળવા માટે ભંડોળ પણ પૂરું પાડી રહી છે. ટૂંકા ગાળાના ધિરાણ દરોમાં થયેલા તીવ્ર વધારા અને સરપ્લસ લિક્વિડિટી લગભગ સુકાઈ જવાને કારણે, બજારના સહભાગીઓ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે શું રિઝર્વ બેંકનું આ કડક વલણ ધારણા કરતાં વધુ નિયંત્રણકારી બની રહ્યું છે. ડેટા અનુસાર, એક મહિનાના સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીડી) રેટ ઓક્ટોબરમાં ૧૦૦ બેસિસ પોઈન્ટ્સથી વધુ વધીને ૬.૭૬% થઈ ગયો છે, જ્યારે એક વર્ષનો દર ૯૪ બેસિસ પોઈન્ટ્સ વધ્યો છે. આ મહિનાની શરૂઆતમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સના વ્યાજદર વધારા પછી નાણાકીય સ્થિતિ કડક બનાવવાનો પ્રયાસ કરી રહેલી રિઝર્વ બેંક એ બેંકિંગ સિસ્ટમમાં રૂ. ૨.૫ લાખ કરોડ ઠાલવ્યા હોવા છતાં આ તીવ્ર વધારો જોવા મળ્યો છે.

જાણકારોનું કહેવું છે કે એક સાથે લિક્વિડિટી ઉમેરવી (ઈન્જેક્શન) અને પાછી ખેંચવી (વિથડ્રોઅલ) એ બોન્ડ માર્કેટને ગૂંચવણભર્યા સંકેતો આપી રહી છે. ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા સ્તરે રહેવાની શક્યતા હોવાથી, રિઝર્વ બેંક દ્વારા લિક્વિડિટી અંગે વિરોધાભાસી સંકેતો અપાયા હોવા છતાં સ્થાનિક બોન્ડ યીલ્ડમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે.

નાણાકીય સ્થિરતાની બાબતોએ રિઝર્વ બેંકના નિર્ણયોને પ્રભાવિત કર્યા હોઈ શકે છે તે સ્વીકારતા, રિપોર્ટમાં દલીલ કરવામાં આવી છે કે લિક્વિડિટી મેનેજમેન્ટની એવી દ્વિપક્ષીય નીતિ, જેમાં એક જ સમયે નાણાં ઠાલવવા અને પાછા ખેંચવા સામેલ હોય, તે આવી નીતિઓ કરતાં વિનિમય દર (એક્સચેન્જ રેટ) વ્યવસ્થાપન માટે વધુ યોગ્ય છે.

### કારના વેચાણમાં SUVs મોખરે રહી

# GST 2.0 પછી કારના વેચાણમાં 10 લાખથી વધુનો થયેલો વધારો

### નાની કારો પરના ટેક્સ કાપને કારણે એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં પણ ઝડપી સુધારો જોવા મળ્યો

મુંબઈ

GST ૨.૦ના અમલ પછીના ૧૨ મહિનામાં પેસેન્જર વાહનોના રિટેલ વેચાણમાં લગભગ ૧૦ લાખ વાહનોનો વૃધારો નોંધાયો છે. આ વૃદ્ધિમાં મુખ્ય ફાળો એસયુવી વાહનોનો રહ્યો છે, જ્યારે નાની કારો પરના ટેક્સ કાપને કારણે એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં પણ ઝડપી સુધારો જોવા મળ્યો છે. વાહન પોર્ટલના ડેટાના વિશ્લેષણ મુજબ, ઑક્ટોબર ૨૦૨૫થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન રજિસ્ટ્રેશન ૨૨% વૃધીને ૫૩.૫ લાખ (૫.૩૫ મિલિયન) થયું છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૪૩.૬ લાખ (૪.૩૬ મિલિયન) હતું. આમ, કુલ ૯,૯૪,૭૫૮ વાહનોનો ચોખ્ખો વૃધારો થયો છે. વૃધેલા કુલ વેચાણમાં લગભગ બે-



તૃતીયાંશ હિસ્સો યુટિલિટી વ્હીકલ્સનો રહ્યો હતો, જેમાં રજિસ્ટ્રેશનમાં ૨૫.૩%નો વૃધારો જોવા મળ્યો છે, જેની સરખામણીએ સામાન્ય કારોમાં ૧૫.૯% ની વૃદ્ધિ થઈ હતી. આ વલણ દર્શાવે છે કે ગ્રાહકોની પસંદગી સતત એસયુવી તરફ વળી રહી છે, અને મોટા મૉડલ્સ પર ઊંચા ટેક્સ હોવા છતાં આ માંગે વેગ પકડયો છે. સૌથી મજબૂત વૃદ્ધિ મિડ-સેગમેન્ટ કેટેગરીમાંથી જોવા મળી હતી, જેમાં હ્યુન્ડાઈ ક્રેટા, મારુતિ સુઝુકી ગ્રાન્ડ વિટારા અને ટોયોટા અર્બન ક્રૂઝર હાઈરાઈડર જેવી મિડ-સાઈઝ એસયુવી સામેલ છે. આ સેગમેન્ટમાં રજિસ્ટ્રેશન ૪૨.૪% વધીને ૭,૪૬,૧૬૬ થી ૧૦.૬ લાખ (૧.૦૬ મિલિયન) સુધી પહોંચી ગયું છે. આ વૃધારો નોંધપાત્ર છે કારણ કે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ લાગુ કરાયેલા નવા માળખા હેઠળ મિડ-સાઈઝ અને મોટી એસયુવી પર ૪૦% જીએસટી લાગે છે, અને નાની કારોને મળેલા ટેક્સ ઘટાડાનો લાભ આ કેટેગરીને મળ્યો નહોતો. આ વૃદ્ધિ દર્શાવે છે કે ટેક્સ ફેરફારોની તાત્કાલિક અસર ઉપરાંત પણ એસયુવી માટે ગ્રાહકોની પસંદગી માંગનું એક મોટું અને મજબૂત પરિબળ બની રહી છ મિની-કાર સેગમેન્ટના રજિસ્ટ્રેશનમાં ૩૯% નો ઉછાળો આવ્યો છે અને તે ૧,૦૭,૮૦૨થી વૃધીને ૧,૪૯,૮૫૨ થયું છે. આ લાંબા સમયથી મંદીનો સામનો કરી રહેલા સેગમેન્ટ માટે એક મોટો સુધારો છે. આ કેટેગરીમાં મારુતિ સુઝુકીની અલ્ટો અને એસ-પ્રેસો જેવા માડલ્સનો સમાવેશ થાય છે. લાયક ઠરતી નાની કારો પર જીએસટીનો દર ૨૮% થી ઘટાડીને ૧૮% કરવામાં આવ્યો હતો.

### લોકો હવે ચોક્કસ સમયગાળા પછી તેમના ફોન બદલી રહ્યા નથી

# સ્માર્ટફોનના ભાવમાં વધારો થવાની સાથોસાથ માંગમાં પણ ઘટાડો થયો

મુંબઈ

સ્માર્ટફોન ઉત્પાદનમાં વપરાતા કેટલાક મુખ્ય ઘટકોના ભાવમાં વૃધારાને કારણે જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૬ ક્વાર્ટર દરમિયાન બજારમાં મોટો ઉલટફેર થયો છે. આ સમયગાળા દરમિયાન સ્માર્ટફોન શિપમેન્ટમાં ૨૦ ટકાનો મોટો ઘટાડો થયો છે, જે એક દાયકાના નીચલા સ્તરે પહોંચ્યો છે. આ સમયગાળા દરમિયાન સ્માર્ટફોન શિપમેન્ટમાં સેમસંગ ફરી એકવાર ટોચનું સ્થાન મેળવ્યું છે. બજાર સંશોધન કંપની કાઉન્ટરપોઈન્ટ રિસર્ચે તેના માસિક અહેવાલ જણાવ્યું હતું કે આ વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન ભારતમાં સ્માર્ટફોન શિપમેન્ટમાં વાર્ષિક ધોરણે ૨૦% ઘટાડો



થયો છે. આ એક દાયકામાં સૌથી નીચું સ્તર છે. આ ભારતમાં સ્માર્ટફોન ઉત્પાદકો માટે ચિંતાનું કારણ બનશે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના આ અહેવાલ મુજબ, સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન રૂ. ૨૦,૦૦૦થી ઓછી કિંમતના સ્માર્ટફોનના શિપમેન્ટમાં ૪૭%નો મોટો ઘટાડો થયો છે. આનું કારણ એ છે કે ફોનના વૃધતા ભાવોને કારણે લોકો વિચારી રહ્યા છે કે શું તે કિંમતે ફોન ખરીદવો એ વૃધુ સારા મોડેલ માટે યોગ્ય છે. તેથી, રૂ. ૨૦,૦૦૦થી ઓછી કિંમતના મોડેલની માંગ પર નોંધપાત્ર અસર પડી છે. લોકો હવે ચોક્કસ સમયગાળા પછી તેમના ફોન બદલી રહ્યા નથી, જેમ તેઓ પહેલા કરતા હતા. લોકો હવે તેમના જૂના ફોનનું જીવન મહત્તમ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પછી ભલે તે બેટરી બદલીને હોય કે ખામીને સુધારીને. તેઓ ફોન અપગ્રેડ મુલતવી રાખી રહ્યા છે કારણ કે નવા ફોન વૃધુ મોંઘા થઈ ગયા છે. આ પડકાર આ બજાર ક્ષેત્રને નબળો પાડી રહ્યો છે.

## SEBI બોલાવશે સપાટો, નાના રોકાણકારોને થશે મોટો ફાયદો

- બ્રોકિંગ કંપનીઓ દ્વારા ટર્મિનલનો ખોટો ઉપયોગ કરીને ટ્રેડિંગ થતું હતું, જેના પર હવે કડક નિયમો લાગુ પડશે

મુંબઈ

શેરબજારમાં ટ્રેડિંગ કરતા રોકાણકારો અને સ્ટોક બ્રોકરો માટે મહત્ત્વના ફેરફારની તૈયારી થઈ રહી છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (SEBI) ટ્રેડિંગ ટર્મિનલના દુરુપયોગને રોકવા માટે નવું માળખું તૈયાર કરી રહ્યું છે. આ ઉપરાંત, નાના અને મોટા બ્રોકરો માટે તેમના કદ અને જોખમ પ્રમાણે અલગ નિયમો લાગુ કરવા, શોર્ટ સેલિંગ અને શેર ઉધાર લેવાની વ્યવસ્થાની સમીક્ષા કરવા સહિત કોર્પોરેટ બોન્ડ માર્કેટ અને બાયબેકની પ્રક્રિયા સરળ બનાવવાનાં પગલાં પણ વિચારાધીન છે. SEBIના ચેરમેન તુહિન કાંત પાંડેએ જણાવ્યું છે કે ટ્રેડિંગ ટર્મિનલના દુરુપયોગને રોકવા માટે નવું નિયમનકારી માળખું લાવવામાં આવશે. આ પગલાનો હેતુ શેરબજારમાં પારદર્શિતા વધારવાનો અને નિયમોના ઉલ્લંઘનને રોકવાનો છે. અહેવાલ અનુસાર, કેટલીક બ્રોકિંગ કંપનીઓ પોતાના ટ્રેડિંગ ટર્મિનલનો ઉપયોગ કરીને અન્ય ટ્રેડરોને સોદા કરવાની સુવિધા આપતી હતી. આ વ્યવસ્થામાં ટ્રેડરો બ્રોકરના ખાતા અથવા ટ્રેડિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને સોદા કરતા હતા અને તેના બદલામાં બ્રોકરો પાસેથી ફી અથવા નફામાં હિસ્સાની લેવડદેવડ થતી હતી. આ પ્રકારની વ્યવસ્થાથી સામાન્ય રોકાણકારો માટે લાગુ પડતા માર્જિન અને અન્ય નિયમોને બાજુ પર રાખીને ટ્રેડિંગ થવાની આશંકા ઊભી થાય છે.

## 1 નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાન ખાતે દેશવ્યાપી આંદોલન

# મતદાર યાદીમાં મસમોટી ગેરરીતિઓ સામે કોંગ્રેસનું ‘વોટ બચાવો, દેશ બચાવો’ અભિયાન

અમદાવાદ

દેશમાં લોકશાહીના મૂળિયાં હચમચાવી નાખતી અને મતદાર યાદીઓમાં આચરવામાં આવેલી વ્યાપક ગેરરીતિઓ સામે હવે કોંગ્રેસ પક્ષે આરપારની લડાઈનું એલાન કરી દીધું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના રાજીવ ગાંધી ભવન ખાતે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસી આગેવાન શ્રી પૃથ્વીરાજ ચૌહાણ તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ એક સંયુક્ત અને અત્યંત આક્રમક પત્રકાર પરિષદ યોજીને કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર સાંઠગાંઠના ગંભીર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસ દ્વારા દેશવ્યાપી ‘વોટ બચાવો, દેશ બચાવો’ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને આગામી ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાન ખાતે વિશાળ વિરોધ પ્રદર્શન યોજાશે તેવી ઘોષણા કરવામાં આવી છે.




પત્રકાર પરિષદને સંબોધતા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી શ્રી પૃથ્વીરાજ ચૌહાણે ગર્જના કરતા જણાવ્યું હતું કે, મતદાનનો અધિકાર એ લોકશાહીનો પાયો છે અને કોઈ પણ તાકાત નાગરિકો પાસેથી આ અધિકાર છીનવી શકે નહીં. SIR (વિશેષ સઘન સુધારણા) પ્રક્રિયાના નામે દેશભરમાંથી ૧૩ કરોડથી વધુ મતદારોનાં નામ કમી કરી દેવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો દાવો તેમણે કર્યો હતો. નવા મતદારો માટેના ’ફોર્મ ૬’ માં જાણી જોઈને એવી અસંવેદનશીલ અને અશક્ય વિગતો માંગવામાં આવી રહી છે કે ૧૮ વર્ષના યુવાનને ૨૫ વર્ષ પહેલાં એટલે કે ૨૦૦૩માં તેમના માતા-પિતા કે દાદા-દાદીએ કયા બૂથ પરથી વોટ કર્યો હતો તેની માહિતી પૂછવામાં આવે છે. આ હાસ્યાસ્પદ અને જટિલ પ્રક્રિયાના કારણે લાખો લાયક યુવાનો મતદાનના પવિત્ર અધિકારથી વંચિત થઈ રહ્યા છે.

શ્રી ચૌહાણે મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર સામે તલવાર ઉગામતા સ્પષ્ટ શબ્દોમાં માંગણી કરી હતી કે, જ્યાં સુધી જ્ઞાનેશ કુમાર આ પદ પર બેઠા છે ત્યાં સુધી નિષ્પક્ષ ચૂંટણી શક્ય જ નથી, કારણ કે તેઓ શાસકોના ઈશારે કામ કરી રહ્યા છે. તેમને તાત્કાલિક પદ પરથી હટાવીને તેમની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે અને સાથે જ ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જાળવવા માટે પુનઃ બેલેટ પેપરથી મતદાન શરૂ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ તેમણે ઉઠાવી હતી. ડિસેમ્બર ૨૦૨૩માં કાયદામાં મનસ્વી ફેરફાર કરીને સુપ્રીમ કોર્ટે સૂચવેલી સમિતિમાંથી મુખ્ય ન્યાયાધીશને બહાર કરી કેબિનેટ મંત્રીને સામેલ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયથી ચૂંટણી પંચની સ્વાયત્તતા સંપૂર્ણપણે જોખમાઈ ગઈ હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ ગુજરાતના સંદર્ભમાં અત્યંત વિસ્ફોટક ખુલાસાઓ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગતથી ચાલતી વોટચોરી આખી પકડાઈ જવાથી હવે પોતાની ચોરી છુપાવવા માટે ભાજપ ઉલટાનું આંદોલન કરવાનો નાટક કરે છે જે અત્યંત શરમજનક છે.

શ્રી ચાવડાએ પુરાવા ટાંકતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીજીએ જે રીતે હરિયાણા અને કર્ણાટક સહિતના રાજ્યોમાં મતદાર યાદીમાં બ્રાઝિલિયન અભિનેત્રીના ફોટા એક જ નામ સાથે ૨૨ વખત વાપરવાના કૌભાંડો પર્દાફાશ કર્યા, તે દેશ માટે હાઈડ્રોજન બોમ્બ સમાન સાબિત થયા છે. ગુજરાતમાં પણ નવસારી લોકસભા હેઠળના ચોર્યાસી વિધાનસભા વિસ્તારના ૪૦ ટકા મતદારોની ચકાસણી કરવામાં આવતા ૧૨ ટકા મતદારો ખોટા અથવા શંકાસ્પદ હોવાનું બહાર આવ્યું હતું. રાજ્યભરમાં આ રેશિયો મુજબ ૬૦ લાખથી વધુ ખોટા મતદારો હોવાની કોંગ્રેસે ગત ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ કરેલી રજૂઆતને ભાજપ અને ચૂંટણી પંચે ફગાવી દીધી હતી. પરંતુ હવે ખુદ ચૂંટણી પંચે એસઆઈઆર પ્રક્રિયાના અંતે સ્વીકારવું પડ્યું છે કે ૫ કરોડથી વધુ મતદારોમાંથી ૧૪.૬૧ ટકા એટલે કે ૭૪ લાખથી વધારે મતદારો હયાત નથી, મૃત્યુ પામેલા છે, ડુપ્લિકેટ છે કે સ્થળાંતરિત છે. આનો સીધો અર્થ એ થાય છે કે ગુજરાતમાં વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધી ભાજપે જીતેલી દરેક ચૂંટણીમાં અંદાજે ૧૪ ટકા જેટલી મસમોટી વોટચોરી કરવામાં આવી છે.

### ટ્રાફિકની ગીચતા નિવારવા મનપા અને ટ્રાફિક પોલીસનો માસ્ટરપ્લાન

## નારોલ સર્કલ બાદ હવે બાપુનગર ચાર રસ્તા પણ બન્યું સિગ્નલ ફ્રી

ચાર રસ્તા પરથી સીધા કે સામે જતાં વાહનોએ જંકશાન આગળ જઈને નિર્ધારિત કરવામાં આવેલા 'યુ-ટર્ન' (U-Turn) પરથી વળાંક લઈને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવાનું રહેશે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દિનપ્રતિદિન વધતા જતાં વાહનોના ભારણ અને ટ્રાફિકની જટિલ સમસ્યામાંથી નાગરિકોને મુક્તિ અપાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા એક મોટો અને મહત્વપૂર્ણ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. નારોલ સર્કલના સફળ પ્રયોગ બાદ હવે પૂર્વ અમદાવાદના અત્યંત વ્યસ્ત અને ગીચ એવા બાપુનગર ચાર રસ્તા જંકશનને પણ સંપૂર્ણપણે ’સિગ્નલ ફ્રી’ જાહેર કરી દેવામાં આવ્યું છે. નવી વ્યવસ્થા મુજબ, બાપુનગર ચાર રસ્તા પર હવે વાહનચાલકોએ સિગ્નલ પર ઊભા રહેવું પડશે નહીં. યુ-ટર્ન પદ્ધતિ: ચાર રસ્તા પરથી સીધા કે સામે જતાં વાહનોએ હવે જંકશન આગળ જઈને નિર્ધારિત કરવામાં આવેલા ’યુ-ટર્ન’ (U-Turn) પરથી વળાંક લઈને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવાનું રહેશે. ૨૮ વ્યસ્ત જંક્શન પર કેપ્સ્યુલ સિસ્ટમ: અમદાવાદ શહેરમાં ટ્રાફિકનું સતત વહેણ જાળવી રાખવા માટે અત્યાર સુધીમાં શહેરના ૨૮ જેટલા મુખ્ય અને વ્યસ્ત જંક્શાનો પર આ ’કેપ્સ્યુલ સિસ્ટમ’ સફળતાપૂર્વક લાગુ કરી દેવામાં આવી છે. આગામી ત્રણ મહિનામાં



વધુ ૨૦ જંક્શાન: ટ્રાફિક પોલીસ અને મનપાના આયોજન મુજબ, આગામી ૩ મહિનાની અંદર શહેરના વધુ ૨૦ જંક્શાનોને આ જ પ્રકારે કેપ્સ્યુલ સિસ્ટમ હેઠળ લાવીને સિગ્નલ ફ્રી બનાવવાની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. આ નવી સિગ્નલ ફ્રી વ્યવસ્થાના કારણે વાહનચાલકોને લાંબા ટ્રાફિક જામ અને સિગ્નલ પર થતા સમય તેમજ ઈંધણના વ્યયમાંથી મોટી રાહત મળી રહી છે. રસ્તાઓ પર વાહનોની અવરજવર સતત ચાલુ રહેતી હોવાથી વાહનવ્યવહાર ઝડપી બન્યો છે. જોકે, આ સિક્કાની બીજી બાજુ પણ સામે આવી છે. જંકશાન પર સિગ્નલ ન હોવાના કારણે અને વાહનો સતત પૂરઝડપે અવરજવર કરતા હોવાથી રસ્તો ઓળંગતા રાહદારીઓ (Pedestrians), વૃદ્ધો અને બાળકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

## શહેરમાં વર્ષ 2029માં યોજાશે વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ

અમદાવાદ

રમતગમત ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ભારત અને ગુજરાત માટે એક ઐતિહાસિક ક્ષણ આવી છે. ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ફેડરેશન (IWF) દ્વારા વર્ષ 2029ની ’વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ’ની યજમાની માટે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. અગાઉ વર્ષ 2025માં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ અને મે 2026માં એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપની સફળ યજમાની કર્યા બાદ, હવે વિશ્વભરના શ્રેષ્ઠ વજનઉંચાકકો (વેઈટલિફ્ટર્સ) પોતાના કૌશલ્યનો જાદુ બતાવવા ગુજરાતના આંગણે પધારશે. આ પ્રતિષ્ઠિત વિશ્વસ્તરીય ટૂર્નામેન્ટ મેળવીને ગુજરાતે ફરી એકવાર સાબિત કર્યું છે કે તે આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઈવેન્ટ્સનું એક નવું અને મજબૂત હબ બની રહ્યું છે. આ આયોજનથી સ્થાનિક ખેલાડીઓને મોટો પ્રોત્સાહન મળશે અને રાજ્યમાં રમતગમતના માળખાકીય વિકાસને વધુ બળ મળશે. ભારતીય વેઈટલિફ્ટિંગ ફેડરેશનના પ્રમુખ સહદેવ યાદવે જણાવ્યું કે, ભારતીય વેઈટલિફ્ટિંગ માટે આ એક મોટો દિવસ છે કારણ કે IWF વર્લ્ડ ચેમ્પિયનશિપ પહેલીવાર ભારતમાં આવી રહી છે અને તેનું આયોજન અમદાવાદમાં કરવામાં આવશે.

## અમદાવાદના વાડજ નવા બ્રિજ પર ઓઇલ ટેન્કરમાંથી ઓઇલ ઢોળાતાં ભયાનક અકસ્માત

ત્રણ વાહનચાલકો સ્લીપ થઇ ઇજાગ્રસ્ત, ફાયર બ્રિગેડે માટી નાખી રસ્તો સાફ કર્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં આવેલા નવા બ્રિજ પર આજે એક મોટી અકસ્માતની ઘટના સામે આવી છે. બ્રિજ પરથી પસાર થઈ રહેલા એક ઓઈલ ભરેલા ટેન્કરમાંથી અચાનક રોડ પર ઓઈલ ઢોળાતાં રસ્તો અત્યંત લપસણો બની ગયો હતો. જેના કારણે માર્ગ પરથી પસાર થઈ રહેલા ત્રણ વાહનચાલકો સ્લીપ થઈ જતાં અકસ્માત સર્જાયો હતો અને ત્રણેય વાહનચાલકોને ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, વાડજના નવા ફ્લાયઓવર બ્રિજ પરથી ઓઈલ ભરેલું ટેન્કર પસાર થઈ રહ્યું હતું, તે દરમિયાન અચાનક ટેન્કરમાંથી મોટા પ્રમાણમાં ઓઈલ રોડ પર ઢોળાવાનું શરૂ થયું હતું. બ્રિજ પર ઓઈલની ચીકાશ ફરી વળતાં વાહનચાલકો માટે વાહન પર કાબૂ રાખવો અશક્ય બની ગયો હતો. આ



લપસણા રોડના કારણે પાછળથી આવી રહેલા ત્રણ વાહનચાલકો એકપછી એક સ્લીપ થઈને રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં ત્રણેય વાહનચાલકોને શારીરિક ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ અને અમદાવાદ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. એમ્બ્યુલન્સની ટીમે ઈજાગ્રસ્ત વાહનચાલકોને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી કરી હતી. વધુ વાહનચાલકો સ્લીપ થઈને અકસ્માતનો ભોગ ન બને તે માટે ફાયર વિભાગે ત્વરિત કામગીરી હાથ ધરી હતી. ફાયર ટીમે રોડ પરથી ઓઈલની ચીકાશ દૂર કરવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો અને ત્યારબાદ રોડ પર માટી તથા રેતી નાખીને રસ્તો સુરક્ષિત બનાવ્યો હતો. ફાયર વિભાગની આ સમયસૂચકતા અને ઝડપી કામગીરીના કારણે બ્રિજ પર મોટી દુર્ઘટના ટળી હતી. પોલીસે આ મામલે ટેન્કર ચાલક સામે તપાસ હાથ ધરી છે.

## શાહપુરથી કાલુપુર વચ્ચે એલિવેટેડ કોરિડોર પ્રોજેક્ટમાં હેરિટેજ સ્મારકો નડતરરૂપ બનતાં અલાઈનમેન્ટ બદલાશે

અમદાવાદ વિશ્વ ધરોહર (World Heritage City) નો દરજ્જો ધરાવતું હોવાથી, AMC ઐતિહાસિક વારસા અને સ્મારકોની સુરક્ષા સાથે કોઈપણ જાતનું જોખમ લેવા માગતું નથી

અમદાવાદ

અમદાવાદ શહેરના અત્યંત વ્યસ્ત અને ગીચ એવા કોટ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા એક મોટો એલિવેટેડ કોરિડોર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. શાહપુર દરવાજા, દરિયાપુર દરવાજા અને કાલુપુર રેલ્વે સ્ટેશનને સાંકળતા આ સૂચિત પ્રોજેક્ટમાં હેરિટેજ સ્મારકોના સંરક્ષણ સંબંધિત કાનૂની અડચણો ઊભી થતાં હવે કોર્પોરેશને તેના રૂટમાં ફેરફાર (અલાઈનમેન્ટ ચેન્જ) કરવાનો અને વૈકલ્પિક માર્ગો શોધવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કાલુપુર રેલ્વે સ્ટેશનના થઈ રહેલા



ભવ્ય પુનર્વિકાસ અને મલ્ટી-મોડલ હબ તરીકે વિકાસ બાદ તથા બુલેટ ટ્રેન સ્ટેશન કાર્યરત થયા પછી શાહપુરથી કાલુપુરના રૂટ પર ટ્રાફિકનું ભારણ અભૂતપૂર્વ રીતે વધી જવાની શક્યતા છે. AMCના પ્રાથમિક અનુમાન મુજબ, આ રૂટ પર રોજિંદા આશરે ૭ લાખ લોકો મુસાફરી કરશે. આ ભારે વાહનવ્યવહારને સુચારૂ રીતે નિયંત્રિત કરવા માટે શાહપુર દરવાજાથી કાલુપુર રેલ્વે સ્ટેશન સુધીનો એલિવેટેડ કોરિડોર અત્યંત જરૂરી માનવામાં આવી રહ્યો છે. સૂચિત શાહપુર દરવાજાથી દરિયાપુર દરવાજા કોરિડોરના મૂળ પ્લાનમાં એક મોટો પડકાર સામે આવ્યો છે. આ માર્ગ ઐતિહાસિક અને સંરક્ષિત સ્મારકોની પ્રતિબંધિત ૧૦૦ મીટરની ત્રિજ્યા (Restricted Zone) ની અંદર આવે છે. દેશના પુરાતત્વ અને હેરિટેજ સંરક્ષણ કાયદા મુજબ આવા ઐતિહાસિક સ્મારકોની આસપાસ ચોક્કસ અંતરમાં કોઈપણ મોટું પાકું બાંધકામ કે ફ્લાયઓવર બનાવવાની મનાઈ હોય છે.






# સંક્ષીપ્ત સમાચાર

## નારોલ ઘરોડ ચોરીનો ગુનો ઉકેલાયો, ગણતરીના દિવસોમાં 14.35 લાખના મુદ્દામાલ સાથે ત્રણ ઝબ્બે

અમદાવાદ શહેરમાં તસ્કરો અને અસામાજિક તત્વો સામે ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરીને વધુ એક મોટી સફળતા હાસિલ કરી છે. નારોલ વિસ્તારમાં આવેલ એક મકાનનું તાળું તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની સરેઆમ ચોરી કરનાર શાતિર ગેંગના ત્રણ ઈસમોને ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં જ ઝડપી પાડ્યા છે. પોલીસની આ ધાકડ કાર્યવાહીમાં ચોરીના સોના-ચાંદીના દાગીના, રોકડ અને અન્ય વસ્તુઓ મળી કુલ રૂપિયા ૧૪,૩૫,૫૭૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ સાથે જ નારોલની ઘરફોડ ચોરીનો ઉકેલ લાવવાની સાથે વટવા GIDC ના ચોરીના ગુનામાં અને અમરાઈવાડીના મારામારીના ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ રખડતા રીઢા આરોપીઓને પણ જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા છે. ગત તારીખ ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ના રાત્રિના ૨૩:૦૦ વાગ્યાથી તારીખ ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ના વહેલી સવારના ૦૩:૦૦ વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરોએ નારોલ વિસ્તારમાં એક મકાનને નિશાન બનાવ્યું હતું. ઘરધણીની ગેરહાજરી અથવા અંધારાનો લાભ ઉઠાવીને અજાણ્યા ઈસમોએ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો.

## ન્યૂ રાણીપમાં મેન્ટેનન્સ અને જમવાની કૂપન મુદ્દે બબાલ: સોસાયટીમાં સભ્યો વચ્ચે છૂટાહાથની મારામારી

અમદાવાદ શહેરના ન્યૂ રાણીપ વિસ્તારમાં આવેલી ’સુકન સ્માઈલ સિટી’ સોસાયટીમાં સોસાયટીના આંતરિક વિવાદ અને મેન્ટેનન્સના મુદ્દાને લઈને ભારે વિવાદ સર્જાયો છે. સોસાયટીનું મેન્ટેનન્સ બાકી હોવાના કારણે જમવાની કૂપન આપવાની ના પાડતાં મામલો એટલો ઉગ્ર બન્યો હતો કે વાત બોલાચાલીમાંથી સીધી છૂટાહાથની મારામારી સુધી પહોંચી ગઈ હતી. આ સમગ્ર લડાઈ અને હોબાળાના શરમજનક દ્રશ્યો સોસાયટીના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગયા છે, જેના ફુટેજ હવે સોશિયલ મીડિયા અને પોલીસ સમક્ષ સામે આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સોસાયટીમાં યોજાયેલા કાર્યક્રમ કે પ્રસંગ દરમિયાન જમવાની કૂપનોનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન સોસાયટીનું મેન્ટેનન્સ ભરવાનું બાકી હોવાથી ચોક્કસ રહીશને કૂપન આપવાની ના પાડવામાં આવી હતી. આ સામાન્ય કૂપનનો મુદ્દો જોતજોતામાં મોટો વિવાદ બની ગયો હતો. મેન્ટેનન્સ ન ભર્યું હોવા છતાં કૂપન માંગવા અને કૂપન ન મળવાના કારણે સોસાયટીના સભ્યો વચ્ચે ઉગ્ર તકરાર શરૂ થઈ હતી.

## મોટેરામાં વૃદ્ધ દંપતીનો 60 લાખનો ફ્લેટ પચાવી પાડનાર 4 ભાડૂઆતો સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ

અમદાવાદના મોટેરામાં સિનિયર સિટીઝનનો 60 લાખનો ફ્લેટ ભાડે રાખી, ભાડું ચૂકવ્યા વિના કબ્જો જમાવી લેનારા 4 ભાડૂઆતો સામે કલેક્ટરના આદેશથી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. આરોપીઓએ વૃદ્ધ દંપતીને ટાંટિયા તોડવાની ધમકી આપી હતી. જુલાઈ 2023થી મે 2024 સુધી કરાર હતો, પરંતુ એપ્રિલ 2024થી ભાડું બંધ કરી ફ્લેટ ખાલી કર્યો નહોતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના મોટેરા વિસ્તારમાં સિનિયર સિટીઝનનો 60 લાખ રૂપિયાની કિંમતનો ફ્લેટ ભાડે રાખ્યા બાદ કબ્જો જમાવી લેનારા 4 ભાડૂઆતો સામે જિલ્લા કલેક્ટરના આદેશથી ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ભાડું ચૂકવ્યા વિના ફ્લેટ પર અનાધિકૃત કબ્જો રાખી વૃદ્ધ દંપતીને ટાંટિયા તોડી નાખવાની તથા બદનક્ષીની ખોટી ફરિયાદ કરવાની ધમકી આપ્યાનો આક્ષેપ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી રૂપાબેન મિશ્રાએ તેમના વૃદ્ધ માતા-પિતા વતી આ અંગે પોલીસ ચોપડે ફરિયાદ નોંધાવી છે.

## રિવરફ્રન્ટ પર કપલને ધમકાવી પૈસા પડાવતો શખસ ઝડપાયો

અમદાવાદ રિવરફ્રન્ટ પર યુગલોના ફોટા પાડી, નકલી પોલીસ બની પૈસા પડાવતા મોહમ્મદ હુસૈન ઉર્ફે હડ્ડી શેખને સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે ઝડપી લીધો છે. 24 મેના રોજ 23 વર્ષીય યુવક પાસેથી 10,000 રૂપિયા પડાવ્યાની ફરિયાદ બાદ પોલીસે છટકું ગોઠવ્યું હતું. આરોપીને ઓડિયો-વીડિયો પુરાવા સાથે રંગેહાથ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. સાબરમતી રિવરફ્રન્ટ પર વહેલી સવારે ફરવા આવતા યુગલોના ફોટા અને વીડિયો ઉતારી, નકલી પોલીસ બનીને નાણાં પડાવતા એક શખ્સને સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે છટકું ગોઠવીને ઝડપી લીધો છે. ગત ૨૪ મેના રોજ એક ૨૩ વર્ષીય યુવક અને તેની મહિલા મિત્રને ડરાવી-ધમકાવીને ઓનલાઈન 10 હજાર રૂપિયા પડાવી લેવાના મામલે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે આ ટ્રેપ ગોઠવી હતી, જેમાં આરોપીને ઓડિયો અને વીડિયો પુરાવા સાથે રંગેહાથ ઝડપી લેવાયો છે. સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ મથકમાં અલગ-અલગ યુગલો દ્વારા આ પ્રકારે ધમકાવીને નાણાં પડાવવા અંગે રજૂઆતો મળ્યા બાદ પોલીસે વ્યૂહાત્મક ગોઠવણ કરી હતી. નકલી પોલીસ બનીને ફરતા અને બળજબરીથી નાણાં કઢાવતા આ શખસ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI